# પ્રકરણ ૨

## સૂફી વિચારધારા

## વિભાગ-૩
## પ્રકરણ-૨
## સૂફી વિચારધારા

પોતાના જીવનસિધ્ધાંતનું નિરૂપણ કરતી 'દીવાને સાગર' દફતર ૧ની 'સૂફી' નામની ગઝલમાં 'સાગર' પોતાને માટે કહે છે કે:

કોઇ મારિફત સૂફી ફકીર આગે યહાં રહેતા સુના--
ના હિન્દુ! ના મુસ્લિમ! અહા! હસતા મિનારા જલ રહા.[1]

સાગરે પોતાની ઓળખ મારિફતની ભૂમિકા સુધી પહોંચેલા સૂફી ફકીર તરીકે આપતાં 'દીવાને સાગર' દફતર બીજાની એમની 'અલ્હકક! અનલહકક જલ રહા!' નામની ગઝલમાં પોતાની અનલહકક ની સ્થિતિનો સ્વાનુભવ આ પ્રમાણે દર્શાવ્યો છે.

સૂફીના સ્વાનુભવનો બહાર-
બધાં યે શાસ્ત્રની પણ પાર!
અજી સાગર જવા દો યાર! અનિર્વચનીય સૂફી છે.[2]

સનમ સાથેની પોતાની એકતાનો અનુભવ વ્યકત કરતા તે કહે છે કે:

ના હમ રહા! ના તુમ રહા! ગાતે હૈ સાહબ સુન શિખર
અજી! આપ ધમચકકર ગુરુ સાગર અનલહકક જલ રહા- ('દીવાને સાગર' દફતર ૨, પૃ.૧૨૮.)

'સાગર' પોતાના માટે કહેતા I am a Hindu Sufi Fakir ! હું હિન્દુ સૂફી ફકીર છું.[3]

...........

[1] દીવાને સાગર દફતર ૨ પૃ. ૧૨૮

[2] એજન, દફતર ૧, પૃ. ૪૦૧

[3] 'સાગર' જીવન અને કવન, પૃ. ૧૩૩

ઉપર્યુકત અવતરણો સ્પષ્ટ દર્શાવે છે કે 'સાગર' અજાતવાદ અને સૂફીવાદ બંનેના પુરસ્કર્તા છે, એટલે 'સાગરના તત્વજ્ઞાનના મંદિરમાં આપણે પ્રવેશ કરીએ તે પહેલાં કેટલાક વિશિષ્ટ સિધ્ધાંતગ્રન્થોને આધારે સૂફીવાદના અગત્યના સિધ્ધાંતો આપણે અહીં વિગતે તપાસવા જોઇએ.

## સૂફીવાદના સ્થાપક

ઇસ્લામના ગુહ્યવાદ તરીકે સૂફીવાદ મનાય છે. તેના સ્થાપનાર હજરત મહમ્મદ પયગમ્બર સાહેબના જમાઇ અને પહેલાં ખલીફ હઝરતઅલી સાહેબ ગણાય છે.[૪]

## સૂફીવાદ: સૂફીની વ્યાખ્યા-લક્ષણો

સૂફીવાદના અધ્યાત્મ પ્રવાસીને સૂફી એવું વિશિષ્ટ નામ અપાયું છે.

જેના કર્મો સ્વભાવત: વિશુધ્ધ હોય અને દિલ સફા- પવિત્ર હોય તે સાચો સૂફી. પોતાની સનમ- પરમાત્માનો જે સાચો દીવાનો તે જ સાચો સવિશેષ અધિકારી.

આમ, પરમાત્મા પ્રત્યેના વિશુધ્ધ હૃદયમાંથી જન્મેલા ઉત્કટ પ્રેમને જ સૂફીનું એકમાત્ર આવશ્યક લક્ષણ ગણવામાં આવે છે.

ઐહિક સુખના ત્યાગ અને તપના પ્રતીક રૂપે તથા સ્વૈચ્છિક ગરીબાઇના ચિહન તરીકે સૂફીઓ જીર્ણ ગરમ અલ્ફી તથા પાયજામો અને સાફો પહેરતા. સૂફી શબ્દનો વ્યુત્પત્તિ અર્થ-સૂફ એટલે ઉનનાં વસ્ત્રો પહેરનાર તે સૂફી- એમ સર્વ સ્વીકૃત મત છે. પરમાત્માની નજરમાં સર્વરીતે પસંદગી પામેલી અને સર્વરીતે જે વ્યકિત પવિત્ર હોય તે સૂફી એવી વ્યાખ્યા બગદાદના સંત જુનૈદ આપે છે. સૂફીવાદ અંતરની પવિત્રતા અને દિલની સચ્ચાઇ પર ખૂબ ભાર મૂકે છે. જડ ધાર્મિક ક્રિયાઓને સૂફીવાદ મહત્વ આપતો નથી.

કોઇપણ વસ્તુ પ્રાપ્ત કરવા અંગેની ઇચ્છાના સંપૂર્ણ અભાવને અબુલ હુસેન અલ્ નુરી સૂફીનું આવશ્યક લક્ષણ ગણાવે છે.

પારમાર્થિક દૃષ્ટિએ જોઇએ તો વ્યાવહારિક અનુભવ કે સામાન્ય તર્કથી પર એવા અલૌકિક પ્રેમ અને આનંદ-મસ્તી દ્વારા પ્રાપ્ત થતી પરમાત્મા સાથેની સંપૂર્ણ એકતા- તાદાત્મ્યનો અનુભવ કરવો એ સૂફીવાદનું અંતિમ પરિણામ છે.

વ્યાવહારિક દૃષ્ટિએ જોઇએ તો માનવીની ભૌતિક દૃષ્ટિના સંપૂર્ણ ઊર્ધ્વીકરણ દ્વારા જગતના સર્વ સુખ અને મોજશોખનો સદંતર ત્યાગ કરવા માટેની સાત્વિક તપસ્યાનો સૂફીવાદ એક પ્રકાર જ છે.[5] પરમાત્મા પ્રત્યે રાગ અને જગત પ્રત્યે અંદરથી વિરાગ એટલે સૂફીવાદના માર્ગે આશકનું સાચું અને ખરું પ્રસ્થાન. અલ જુનૈદ સ્પષ્ટ કહે છે : "સૂફીવાદ એટલે પરમાત્મા માટે આશક ફરજિયાત પોતાના અહંનો લય કરે અને પોતે પરમાત્મા સાથે હંમેશા તાદાત્મ્ય અનુભવે એવો આત્માનુભવનો માર્ગ એ જ સૂફીવાદનું તારતમ્ય છે."[6]

મારુફ અલ્ કર્ખીના મત પ્રમાણે સાચા સૂફીએ દુન્યવી વસ્તુઓનો ત્યાગ કરી દૈવી ગુણોની પ્રાપ્તિ કરવી જોઇએ. સૂફીઓ સત્ (real) અથવા ( અલહક્ક (Al-Haqq) )ને જ અનુસરનારા કહેવાય છે. પરમાત્માનો સાક્ષાત્કાર કરવો એ માનવજીવનનું અંતિમ ધ્યેય છે, અને સૂફીવાદ એની પ્રાપ્તિ કરવા માટેનું સાધન છે.

દુન્યવી વળગણોનો સદંતર અભાવ જ નહીં પણ તેની ઇચ્છાનો પણ સંપૂર્ણ અભાવ એટલે જ ગરીબાઇ અને આવી ગરીબાઇ એ જ સૂફીના જીવનવ્યવહારનું બાહ્ય લક્ષણ છે, એ સમજાવતાં શેખ અબુ સૈદ કહે છે:

...........

[5]જુઓ: 'Sufism and Vedanta' Part I, by Mr. Roma Chaudhari, Page Nos. 1,2

[6]એજન, પૃ. ૨

[7]એજન, પૃ. ૩

માત્ર હાથ જ નિષ્કંચન નહીં હૃદય પણ નિષ્કંચન હોવું જોઇએ. તે સૂફીના જીવન વ્યવહારમાં હૃદયશુધ્ધિ (Purity of Heart)ને પણ અત્યંત આવશ્યક ગણાવે છે.

<u>પ્રારંભકાલનો સૂફીવાદ:</u>

પ્રારંભના સૂફીવાદના બે મુખ્ય લક્ષણો તેતપસ્યા અને નિવૃત્તિ.

કુરાનમાં દર્શાવેલા પાપ, કયામતનો દિવસ, ન્યાયાધીશ પરમાત્મા, નર્ક, આદિ સિધ્ધાન્તો ઉપર સૂફીઓ પ્રારંભમાં ખૂબ ભાર મૂકતા. પરિણામે મન અને ઇન્દ્રિયોનું સંપૂર્ણ દમન, આત્મસમર્પણ, સાત્ત્વિક ગૃહસ્થ જીવનને બદલે આકરી તપસ્યા તથા ફકીરી જીવન અંગેના નિયમોનું પાલન કરવાનો દૃઢ આગ્રહ રાખવામાં આવતો.

શેખ અબુ સૈદઅબુ અલ ખૈર માનતા કે આધ્યાત્મિક જીવન માટે બાહ્ય-ક્રિયાઓનો ત્યાગ કરવામાં કશો વાંધો નથી, પરિણામે પાછળથી તપસ્યાનું મહત્ત્વ ઘટ્યું હતું.[8] અંતિમ ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જ તેનું મહત્ત્વ સ્વીકારવામાં આવતું. સૂફીઓ માત્ર ધર્મયુક્ત તાપસો જ નહોતા પણ ગહન રહસ્યવાદી આશક પણ હતા.

સૂફીવાદમાં પ્રારંભમાં તપસ્યા ઉપરાંત નિવૃત્તિ પર પણ મહત્ત્વ અપાવા માંડ્યું. નિવૃત્તિ માર્ગના સિધ્ધાંત પ્રમાણે સૂફીઓ ધાર્મિક પૂર્ણતામાં અને એટલે જ પરમાત્માના સતત ચિંતનમાં અને તે વ્દારા પરમાત્માની ઇચ્છાશક્તિમાં જીવાત્માએ પોતાની બધી ઇચ્છાઓ હોમી દઇને તે વ્દારા જીવાત્માનો સંપૂર્ણ વિલય કરવામાં માને છે.

...........

[8] એજન.

સતત એકાગ્રચિત્તે કરેલા પરમાત્મ-ચિંતન -ધ્યાન દ્વારા અલૌકિક આનંદ અને પરિણામે પરમાત્માનો અનુભવ કરવાની અને જોવાની દિવ્ય પ્રાપ્તી દૃષ્ટિ અને મસ્તી- પ્રજ્ઞાન-દ પ્રાપ્ત થાય છે એમ માનનાર સૂફીઓને સુહરાવર્દી તાપસો કે માત્ર આશ્રમવાસી સાધુથી ભિન્ન ગણાવે છે.[૯]

સૂફીઓનો આ વિશેષ ગુણ તે પરમાત્માના રહસ્યપૂર્ણ અનુભવ માટેનુ જ્ઞાન અને એટલે જ સૂફીવાદ ઇસ્લામના ગુહ્યવાદ તરીકે જ ઓળખાય છે.

ઇબ્રાહીમ એદહામ ત્યાગ અને આત્માનુભવ માટે ષટ્પદી માર્ગ દર્શાવતાં કહે છે કે: "મોજશોખ, પ્રતિષ્ઠા, આરામ, નિદ્રા, ધનસંપત્તિ, અને મનવાંછિત વસ્તુઓની અપેક્ષાનાં દ્વારા બંધ કરી દેવા જોઇએ અને શ્રમ, માનભંગતા, દર્દ નિદ્રાવિમુખ જાગ્રતિ, ગરીબાઇ અને મૃત્યુ માટેની તત્પરતાના વિવિધ દ્વારો અનુક્રમે ખોલવાં જોઇએ."[૧૦]

## સૂફીમાર્ગમાં નિવૃત્તિમાર્ગના પ્રચારકો:

નિવૃત્તિમાર્ગના પ્રખર હિમાયતી શાકીકે એક માત્ર પરમાત્મામાં જ જીવાત્માના જીવપણાનો આત્મસમર્પણ દ્વારા સંપૂર્ણ લય કરવા પર ખૂબ ભાર મૂક્યો હતો. તે દૃઢપણે માનતા કે: "સાચા આશકે કશી જ પ્રવૃત્તિ ન કરવી. પરમાત્માને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવું તે તો કહેતા કે માનવીએ પોતાના ગુજરાન માટે પણ કશો જ પ્રયત્ન ન કરવો."[૧૧]

...........

[૯] એજન.

[૧૦] એજન, પૃ. ૪

[૧૧] એજન.

## સૂફીવાદનું નવું સોપાનઃ પરમાત્મપ્રેમ દ્વારા પરમાનંદ-આત્માનુભવઃ

તપસ્યા અને નિવૃત્તિમાર્ગના દૌર અલ્ તઈ પછીના સૂફી સંત બાનુ રાબીઆનું પ્રસ્થાન મહત્ત્વનું ગણાય છે. પ્રાર્થના તથા અન્ય ધાર્મિક ક્રિયાઓનું પરમાત્મા સાથે પ્રત્યક્ષ ઐકય અનુભવવા માટે સૌ પ્રથમ સંત રાબીયાએ સૂફીવાદમાં તેના મહત્ત્વનો સ્વીકાર કર્યો. અનન્ય પરમાત્મપ્રેમ, મસ્તી અને દર્દની આત્માનુભવ તથા બ્રહ્માનંદ માટે હિમાયત કરતા રાબીયાના સમયથી- ઈ.સ. ૯૮૦૧થી સૂફીવાદના ઈતિહાસમાં એક નવું સોપાન ઉમેરાયું.[૧૨]

## સૂફીવાદ- પ્રેમમાર્ગનો ધર્મઃ

આનું બીજું પરિણામ એ આવ્યું કે સૂફીવાદમાં બૌધ્ધવાદ, વેદાંત, ખ્રિસ્તી -ધર્મ, નીઓપ્લેટોનીઝમ અને બીજી વિચારધારાઓનો પણ કાલાનુક્રમે સમન્વય થતો ગયો.

સૂફીવાદના વિકાસમાં અને તેમાં પાછળથી થયેલા મહત્ત્વના ફેરફારોને કારણે રહસ્યવાદ તરીકે અને પ્રેમધર્મના માર્ગ તરીકે થયેલા તેના નવઘડતરમાં આ વિભિન્ન વિચારધારાઓએ અત્યંત મહત્ત્વનો ફાળો આપ્યો છે. પરિણામે પ્રભુપ્રેમ દ્વારા પ્રાપ્ત થતી આનંદ-મસ્તી અને દર્દ જેનું આવશ્યક લક્ષણ છે, તેવા પ્રેમધર્મના માર્ગ તરીકે સૂફીવાદનું નવમી સદીમાં નવ ઉત્થાન થયું. જેને પરિણામે સૂફીનો અર્થ માત્ર તાપસને બદલે પરમાત્માના ગુહ્ય જ્ઞાન દ્વારા પરમાત્મા સાથે એકતા પ્રાપ્ત કરી અદ્વૈતનો પ્રત્યક્ષ અનુભવ કરનાર એવો વ્યાપક રીતે કરવામાં આવ્યો."[૧૩]

...........

[૧૨]એજન.

[૧૩]એજન, પૃ. ૫

આ રહસ્યવાદીઓના હિમાયતીઓમાં રાબીઆ ઉપરાંત મારુફ અલ્ કર્ખી ઇ.સ.૮૧૫, અબુ સુલેમાન અલ દારાની ઇ.સ. ૮૩૦, અને ધૂલ નૂન અલ્ મિસરી ઇ.સ. ૮૧૦ને મુખ્ય ગણવામાં આવે છે.

આ નવી વિચારધારાના અગ્રણી મારુફ અલ્ કર્ખી સંતનું લક્ષણ આપતાં કહેતા: તેના વિચારો પરમાત્મા અંગેના, તેનું અસ્તિત્વ પરમાત્મમય અને તેનો વ્યવહાર પણ માત્ર પરમાત્મામાં જ હોવો જોઇએ.[14]

## સૂફીવાદ અને અદ્વૈત વેદાંત

અદ્વૈત મત અંગેના (મારિફત) સિધ્ધાંતનો સૂફીવાદમાં સમન્વય કરનાર અબુ સુલેમાન અલ્ દારાની એ આધ્યાત્મિક પ્રજ્ઞા દૃષ્ટિ દ્વારા પરમાત્માના સહજ આત્માનુભવ પર ખૂબ ભાર મૂકયો હતો. તે કહેતા- જયારે આધ્યાત્મિક અભેદ દૃષ્ટિ ખુલે છે ત્યારે બાહ્ય ચર્મચક્ષુઓ બંધ થાય છે. પરિણામે પરમાત્મા વિના બીજું કશું જ ચક્ષુઓ નિહાળતાં નથી. અબુ યઝિદ તયફર અથવા બાયાઝિદ અલ્ બિસ્તામી (ઇ.સ. ૮૭૪-૭૫) અલ્ જુનેદ (ઇ.સ.૯૦૯) અને હુસેન મનસૂર અલ્ હલાજ (ઇ.સ. ૯૨૨) દસમી સદીના પ્રારંભના અગત્યના સૂફીઓ હતા. મનસૂરનો મત લોકપ્રિય છે. 'હું જ ખુદા છું.' 'I am The Reality.' (અનલહક્ક Anal Haqq)

સૂફીવાદ અને ઇસ્લામ ધર્મ વચ્ચે એકતા લાવવાનો પ્રયત્ન કરનાર સૂફીઓમાં અબ્દુલ્લાહ અલ્ તુસ્તરી (ઇ.સ. ૮૯૬) અલ્ જુલ્લબી અલ્ હુજવીરી (ઇ.સ. ૧૦૭૨-૧૦૭૬) અલ્ જુનેદ, અબુ બક્ર અલ્ કલાબાધી (ઇ.સ.૯૯૫)

...........

[14] જુઓ: એજન, પૃ. ૫

Their thought is gf God, their dwelling is with God, their business is in God.

અબુ હામીદ મહમ્મદ અલ્ ગઝાલી (ઇ.સ.૧૧૧૧) મુખ્ય હતા.

૧૨ માં સદીના મુખ્ય સ્પેનિશ સૂફી ઇબ્ન અરબી એ સૂફીવાદમાં પૂર્ણ માનવી (Perfect man)ના સિધ્ધાંતને સ્થાન આપ્યું હતું. આ સિધ્ધાંતના મુખ્ય પ્રચારકો નસફી અને જીલી હતા.

૧૩મી સદીના સૂફીઓમાં ફરીદુદ્દીન અત્તાર (ઇ.સ.૧૨૩૦) જલાલુદ્દીન રુમી (ઇ.સ.૧૨૭૩) અને શેખ સાદી (ઇ.સ.૧૨૯૧) અગત્યના છે.

૧૪મી સદીના ગુલ્શને રાઝના કર્તા સદુદ્દીન મહમૂદ શબીસ્તરી (ઇ.સ. ૧૩૨૦) સમસુદ્દીન હાફીઝ (ઇ.સ.૧૩૮૯) તથા અબ્દુલ કરીમ ઇબ્ન અલ્ જીલી (ઇ.સ.૧૪૦૬) અને અબ્દુર રહેમાન જામી (ઇ.સ. ૧૪૦૬) પંદરમી સદીના મુખ્ય સૂફીઓ હતા.

સૂફીવાદ અને તેના પંદરમી સદી સુધીના વિકાસ અને અગત્યના સૂફીઓ અંગેની માહિતી આપણે ટૂંકમાં જોઇ.[૧૫]

સૂફીવાદના અગત્યના મૂળભૂત સિધ્ધાંતો આપણે જલાલુદ્દીન રુમી સાહેબના 'મસ્નવી' તથા મહમુદ શબીસ્તરીના 'ગુલ્શને રાઝ' જેવા શાસ્ત્રીય ગ્રન્થોના સંદર્ભમાં દૃષ્ટાંત સહિત તપાસીએ.

...........

૧૫ જુઓ:
Sufism and Vedanta Part I : Sufism - Dr. Roma Chaudhari, Pages 1-14
Part II: Some prominent sufis and their doctrines

## સૂફીવાદના મુખ્ય સિધ્ધાન્તો

### પરમાત્મસ્વરૂપ અને સ્વભાવ.

સૂફી આધ્યાત્મિક વિદ્યાનો મુખ્ય સિધ્ધાંત પરમાત્મા સાથેની એકતાના અનુભવનો છે. શબીસ્તરી ગુલ્શને રાઝમાં કહે છે તેમ: એ એક પરમ સત્ પરમાત્મા વિના કશું જોશો નહીં, કશું કહેશો નહીં, કશાનો અનુભવ કરશો નહીં.[૧૬] આદિ અને અંત વિનાના સર્વોપરિ પરમાત્માનો સાર આત્મજ્ઞાન છે અને તેનો પણ સાર સર્વસાર- પ્રેમ અથવા આનંદ છે, એમ મનસૂર માને છે.[૧૭] પરમાત્મા સર્વવ્યાપક હોવા છતાં સગુણ નિર્ગુણ ઉભયરૂપે છે. અને જગતથી વ્યતિરિકત હોવા છતાં પણ જગતથી કાંઇક વિશેષ છે. પરમાતત્વ સર્વમાં વિલસી રહ્યું છે. જગતથી તે પર હોવા છતાં પણ જગતમાં છે અને વિશ્વ તો અણુ એ અણુ પરમાત્મા-મય છે. આ અંગેના નીચેના મતો પ્રચલિત છે.

૧. સર્વાત્મવાદ

૨. પરમાત્મામાં સર્વવાદ

સર્વાત્મવાદ પ્રમાણે જગત પરમાત્મમય છે. જગતના અણુએ અણુમાં પરમાત્મા સંપૂર્ણપણે વ્યાપ્ત છે. બીજો મત પરમાત્મામાં સર્વ-વાદ સૂફીવાદને સૌથી વધારે અભિપ્રેત છે. પરમાત્મામાં સર્વવાદના સિધ્ધાન્ત પ્રમાણે બધી વસ્તુઓ -જગત પરમાત્મામાં છે. પરંતુ પરમાત્મા તેનાથી કંઇક વિશેષ છે. જગત પરમાત્મામાં વ્યાપ્ત હોવા છતાં જગતથી તે પર છે. દેહમાં વ્યાપ્ત હોવા છતાં આત્માનું સ્વરૂપ જેમ અવિકારી રહે છે તેમ પરમાત્મા સૂક્ષ્મ સ્વરૂપે જગતમાં પણ હોઇ તે પરમાત્માનાં ત્રણ ભિન્ન ભિન્ન સ્વરૂપો આ પ્રમાણે સ્વીકારે છે:-

............

૧૬ Shabistari's Gulshun -I Raj, Tr. by Whinfied, P.84

૧૭ Sufism and Vedanta Dr. Roma Chaudhuri, P.57, Part II,

૧. પરમાત્માનું શુધ્ધ બ્રહ્મસ્વરૂપ

૨ પરમાત્માનું જગતરૂપે અસ્તિત્વ

૩. પૂર્ણ માનવી રૂપે અસ્તિત્વ

૧. પરમાત્મા જગતમાં જ વ્યાપ્ત-સર્વાત્મવાદ ૨. જગત પરમાત્મામાં વ્યાપ્ત હોવા છતાં પરમાત્મા જગતથી પર-પરમાત્મામાં સર્વ-વાદ ૩. જગતથી પરમાત્મા પર- માત્ર સત્તાધીશ સર્જનહાર તરીકે - કુરાનનો મત.

આમ, ત્રણ ભિન્ન ભિન્ન મતો આ અંગે સૂફીવાદમાં સ્વીકારાયા છે.[૧૮] આ ત્રણ મત ઉપરાંત શ્રી. જલાઉદ્દીન રુમી 'મસ્નવી'માં ચોથો મત રજૂ કરે છે. તે કહે છે કે પરમાત્માનું સ્વરૂપ વ્યકત કરવા માટે દુન્યવી ભાષાના શબ્દો અપૂરતા છે, કારણ કે તે અનિર્વચ્ય છે. પ્રત્યક્ષ એકતા દ્વારા માત્ર તે અનુભવી શકાય છે. એનું કારણ દર્શાવતા તે કહે છે કે પરમાત્મા નામ, રૂપ, જન્મ કાલ, ગતિ, સ્થળ, ગતિકાર્ય, કારણ, ભાવ ઇત્યાદિથી પર છે.[૧૯] શ્રી.રુમીનો આ મત શ્રી. ગૌડપાદાચાર્યના મત સાથે સામ્ય ધરાવે છે એ સ્પષ્ટ છે.

પરમાત્માનું સ્વરૂપ મૂર્ત પણ નથી, અમૂર્ત પણ નથી, બન્ને વચ્ચેની એકાદ સ્થિતિ પણ નથી. પરમાત્માના સ્વરૂપ અંગે ભિન્ન ભિન્ન હોવા છતાં મુખ્ય ત્રણે મતો સ્વીકારાયા છે.

૨. કોઇપણ પ્રકારના ગુણ કે સંબંધ વિનાનું શુધ્ધ સ્વરૂપ- નિર્ગુણ બ્રહ્મ- પરમાત્માની આ સ્થિતિમાં કોઇપણ પ્રકારના આવિષ્કારનો સ્વીકાર કરવામાં આવ્યો નથી.

...........

[૧૮] Sufism and Vedanta, Part I, Pages 9-1o.

[૧૯] એજન, પૃ. ૧૧

મનસૂર આ અંગે કહે છે કે "પરમાત્મામાં બધા ગુણો છૂપાયેલા રહે છે." આ મતના સંદર્ભમાં મનસૂર, ઇબ્ન અરબી, જીલી, જામી વગેરે સૂફીઓ માને છે કે પરમાત્માની બીજી સ્થિતિ- દિવ્ય ગુણો સહિત આવિષ્કાર પામેલા સગુણ સ્વરૂપની છે.

૨. બીજો મત મુખ્યત્વે કલાબાધી, હજવીરી વગેરે સૂફીઓનો છે, તે માને છે કે પરમાત્માના શુધ્ધ સ્વરૂપ સાથે સંપૂર્ણપણે કાયમને માટે દૈવી ગુણો જોડાયેલા છે. ગુણો રહિત શુધ્ધ સ્વરૂપનું અસ્તિત્વ તે સ્વીકારતા નથી. આ ગુણો પરમાત્મા પાછળથી પ્રાપ્ત કરે છે, એવો સૂફીઓનો મત ડો. રોમ ચૌધરી સ્વીકારતા નથી.[20] તે કહે છે કે જો મત સ્વીકારવામાં આવે તો અપૂર્ણ પરમાત્મા આ ગુણો પ્રાપ્ત કરવા પૂર્ણ બને છે, એમ સ્વીકારવું પડે. પરંતુ તે યોગ્ય નથી, કારણ કે પરમાત્મા સંપૂર્ણ છે. પરમાત્મામાં કોઇપણ પ્રકારનો ફેરફાર કલ્પી શકાય નહીં, અને એટલે તે આ મતને આ રીતે સ્વીકારે છે કે પરમાત્મા વસ્તુત: સનાતન રીતે બધા દૈવી ગુણોથી યુકત છે અને આસુરી ગુણોનો તેમનામાં સંપૂર્ણ અભાવ છે.

## જગત્સર્જનની મીમાંસા

જગતના સર્જન અંગે ત્રણ મૂળભૂત પ્રશ્નોનો તત્ત્વજ્ઞાનમાં વિચાર કરવામાં આવે છે.

૧. પરમાત્મા જગતનું સર્જન શા માટે કરે છે?

૨. પરમાત્મા જગતનું સર્જન કેવીરીતે કરે છે?

૩. જગત અને પરમાત્મા વચ્ચેનો સંબંધ કેવા પ્રકારનો છે?

............

[20] એજન, પૃ. ૧૪

જગતના સર્જન અંગેનો સૂફીઓનો શો મત છે, તે ટૂંકમાં જોઇએ. ઇબ્ન અરબીના મત પ્રમાણે પરમાત્મા પોતાનું સ્વરૂપ જાણવા માટે તેમની પોતાની આંતરિક શકિતઓને અનુભવ કરવા માટેની ઇચ્છાને વશ થઇ જગતનું સર્જન કરે છે. તેમના નિર્ગુણ સ્વરૂપની સ્થિતિમાંથી ધીમે ધીમે આવિષ્કાર પામીને તે ભિન્ન રૂપાત્મક વિશ્વનું પોતાનામાંથી સર્જન કરે છે, અને માનવી દ્વારા પોતે પોતાને જુએ છે, અનુભવે છે. પરમાત્માને પોતાનું દર્શન કરવા માટે જગત દર્પણ સમાન છે. પરંતુ જગતમાં પરમાત્માના બધા ગુણોનો આવિષ્કાર થતો નથી, એટલે પરમાત્મા પોતાના પૂર્ણ સ્વરૂપનું દર્શન પયગમ્બર અથવા પૂર્ણમાનવી દ્વારા જ કરે છે. આમ, સર્જનનો હેતુ સૂફીઓ પરમાત્માના આત્મજ્ઞાન માટેની ઇચ્છાને ગણાવે છે. આશક અને માશૂક એમ એક પરમાત્માના જ આ બે ભિન્ન સ્વરૂપો પ્રગટ થાય છે. મનસૂર કહે છે તેમ "પરમાત્મા પોતાના શુધ્ધ સ્વરૂપ વડે પોતાનો અલૌકિક પ્રેમ અને આનંદ જોઇ શકે અને અનુભવી શકે તે માટે પોતાનામાંથી પોતાનામાં પ્રતિબિંબ પાડવા માટેની ઇચ્છા રાખે છે.[૨૧] પરમાત્માના શુધ્ધ સ્વરૂપમાંથી જ જગતનું પરમાત્માના પ્રેમ અને આનંદના આર્વિભાવરૂપે સર્જન થયું છે એમ મનસૂર સ્વીકારે છે. જામી કહે છે કે પરમાત્માની આ ઇચ્છા તેમની જરૂરિયાત અથવા અપૂર્ણતાને પૂર્ણ કરવા માટેની નથી. પોતે પોતાને સંપૂર્ણપણે જાણતા હોવા છતાં અન્ય સાધન દ્વારા જાણવાની અપેક્ષા જ જગતના આ સર્જનની પાછળનું કારણ છે. સર્જનની પ્રક્રિયા અંગેનો આ મત સર્વ સ્વીકૃત મત છે.

ભિન્નરૂપાત્મક જગત પૂર્ણબ્રહ્મનું માત્ર બાહ્ય આવિષ્કરણ જ છે, જે દ્વારા પરમાત્મા પોતાને એક પદાર્થરૂપે જુએ છે, અને પરમાત્માનું આ વિષ્કરણ એટલે તેના શુધ્ધ સ્વરૂપમાંથી તેના ગુણોનો જગત રૂપે આવિષ્કાર. સર્જનની પ્રક્રિયા અંગે જીલીએ ત્રણ તબક્કાઓ તેમજ જામીએ પંચક્રમિક પગથિયાંઓનો પણ નિર્દેશ કર્યો છે.

...........

[૨૧]એજન, પૃ. ૧૫

પરમાત્મામાંથી સૌપ્રથમ મહંમદ પયગમ્બરની અને તેમાંથી નવપૃથ્વીના ચાર મૂળભૂત તત્ત્વો ઇત્યાદિની ઉત્પત્તિ અંગે જામીએ આપેલી કુરાનને અનુરૂપ વિગતોમાં આપણે નહીં ઉતરીએ.

## જીવમીમાંસા

સૂફીવાદમાં ૧. હુકમની દુનિયા ૨. અને બીજી ભૌતિક દુનિયા – સર્જનાત્મક દુનિયા એમ બે પ્રકારની દુનિયાનો નિર્દેશ થયો છે.

ભૌતિક દુનિયામાંથી પાંચતત્વોમાંથી પાણી, હવા, પૃથ્વી અને આત્માની નીચલી દશા (નફસ) માનવી પ્રાપ્ત કરે છે તેના ભૌતિક સ્વરૂપમાં આ ચાર તત્ત્વો છે.

આધ્યાત્મિક દુનિયામાંથી તે પાંચ તત્ત્વો પ્રાપ્ત કરે છે.

૧. હૃદય :
૨. રૂહ
૩. ઊંડી પવિત્ર ચેતના
૪. ઊંડી પ્રેરણા
૫. અને ઊંડી દૃષ્ટિ

માનવીના સ્વભાવની આધ્યાત્મિક બાજુનો આ તત્ત્વો દ્વારા સમાવેશ થાય છે. ભૌતિક બાજુના ઊર્ધ્વીકરણ દ્વારા માનવીએ આધ્યાત્મિક દિશા તરફ વળવું જોઇએ એવો સૂફીઓ અનુરોધ કરે છે. હૃદયને માટે જીલી કહે છે કે "તેમાં પરમાત્માના બધા ગુણો અને નામોનું પ્રતિબિંબ પડે છે, હૃદયનું કાર્ય પરમાત્માને જાણવાનું અને બધાના સારભૂત તત્ત્વને સમજવાનું છે."[૨૨]

...........

[૨૨] એજન, પૃ. ૧૯

તાર્કિક બૌધ્ધિક જ્ઞાન કરતાં હૃદયનું જ્ઞાન ભિન્ન પ્રકારનું છે. દિવ્ય અનુભવને કારણે તે પ્રેરણાત્મક અથવા સહજસ્ફુરણાત્મક જ્ઞાન છે.

સામાન્ય રીતે સૂફીઓ આત્માની શાશ્વતતા અને અવતારને સ્વીકારતા નથી. પરંતુ રુમી સાહેબ જેવા કેટલાક સૂફીઓ આત્માને અજન્મા અને પરમાત્મસ્વરૂપ સનાતન માને છે. આત્માનો રુમી સાહેબનો સિધ્ધાંત વેદાન્ત મતને અનુરૂપ છે.[૨૩]

<u>પરમાત્મા અને જગત વચ્ચેનો સંબંધ અને મોક્ષમાર્ગનો સૂફીવાદનો સિધ્ધાન્ત</u>

માનવીનું પરમધ્યેય દ્વિલક્ષી- દ્વિમાર્ગી છે.

૧. પરમાત્મામાં આત્માનો લય-ફના અને

૨. પરમાત્મામાં આત્માનો શાશ્વત નિવાસ-બકા

'ફના' અને 'બકા' આ બે શબ્દોના સાચા મહત્ત્વ અંગે સૂફીઓમાં ભિન્ન ભિન્ન મતો છે.

૧. પ્રથમ મત પ્રમાણે, પરમાત્મા અને માનવી વચ્ચેનો સંબંધ શેઠ અને નોકર જેવો છે. ફનાનો અર્થ પોતાની ઇચ્છાઓનો સંપૂર્ણ ત્યાગ - વિલય અને બકાનો અર્થ - પરમાત્માની ઇચ્છાને આધીન -વશ વર્તી રહીને માનવીએ પોતાનું જીવન જીવવું એવો થાય છે.

૨. બીજો મત પરમાત્મા અને માનવી વચ્ચેની મૂળભૂત એકતાનો સ્વીકાર કરે છે. જ્યાં પરમાત્મા અને જગત બન્ને વચ્ચેના સંબંધને પાણી અને બરફ જેવો ગણે છે. પરમાત્માના બાહ્ય આવિષ્કાર રૂપે તે જગતને સાચું માને છે.

...........

[૨૩]એજન, ભાગ- ૨, પૃ. ૧૩૨

અને એટલે જ દરિયામાંના અને ચંબૂમાંના પાણી સાથ પરમાત્મા અને માનવીને સરખાવે છે.[24] આ સનાતન સંબંધ દર્શાવવા માટે શબીસ્તરી અગ્નિના તણખાને ગતિ આપતા તે વર્તુળના જેવું દૃશ્ય ધારણ કરે છે જેવાં દૃષ્ટાંતો પણ આપે છે. પરમાત્મા અને માનવી શુધ્ધ સત્ત્વ સ્વરૂપ અને ગુણ ઉભયમાં ઐક્ય ધરાવે છે. આ મત પ્રમાણે ફનાનો અર્થ માનવીના અહંકારનો – હુંપણાનો – ગુણોનો – પરમાત્મામાં લય કરવો એવો થાય છે. 'બકા' એટલે પરમાત્માના દિવ્ય ગુણોને સ્વરૂપમાં જીવાત્માનું ઐક્ય. આ અંગે રુમી એમ માને છે કે પરમાત્મા જીવ શિવની અલૌકિક એકતા સમયે જીવાત્મા પરમાત્મા સાથે માત્ર ગુણો પુરતી જ એકતા સાધે છે, પરંતુ સ્વરૂપની એકતા બન્ને વચ્ચે સધાતી નથી. આ મત પુષ્ટિમાર્ગના સેવ્ય સેવક ભાવને અનુરુપ છે.[25]

આ ત્રીજા મત પ્રમાણે 'ફના' એટલે માનવીના ગુણોનો લય અને 'બકા' એટલે પરમાત્માના ગુણોને પોતાના ગુણોને બદલે – ગ્રહણ. આમ, જીવાત્મા અને પરમાત્માનો સંબંધ દર્શાવતા ત્રણ ભિન્ન મતો સૂફીવાદમાં સ્વીકારાયા છે.

૧. પરમાત્મા અને જીવાત્મા વચ્ચે ગુણો કે સ્વરૂપ બન્નેમાંથી એકપણ દૃષ્ટિએ એકતા નથી.

૨. પરમાત્મા અને જીવાત્મા ઉભય વચ્ચે ગુણો– લક્ષણો અને સ્વરૂપ બન્ને દૃષ્ટિએ મૂળભૂત એકતા રહેલી છે. પરિણામે બન્ને વચ્ચે બકા બાદ્ ઉલ્ ફના – 'વાસિલે હક'ની સ્થિતિ પ્રાપ્ત થતાં આ એકતા સધાય છે.

૩. મીણબત્તીનો પ્રકાશ અને સૂર્યનો પ્રકાશ, અગ્નિયુકત લોખંડ અને અગ્નિ જેવાં દૃષ્ટાંતો આપી, પરમાત્મા અને જીવાત્મા વચ્ચે માત્ર ગુણોની બાબતમાં રહેલી એકતાનો સ્વીકાર કરાયો છે.

<u>પૂર્ણમાનવી– પયગમ્બર</u>

...........

[24] એજન, ભાગ૧, પૃ. ૨૬–૨૭

[25] એજન.

પૂર્ણ માનવીનો સિધ્ધાંત સૂફીવાદનો મુખ્ય સિધ્ધાંત છે. આ સિધ્ધાંતનો સૌ પ્રથમ શ્રી. ઇબ્નુ અરબીએ પ્રચાર કર્યો હતો, અને પૂર્ણ માનવી 'અલ્ઇન્સાનુલ્, કામીલ'એવો વિશેષ પ્રકારનો અર્થ આપ્યો હતો. પરમાત્મા સાથે એકતાનો અનુભવ કરનાર અને રહસ્યવાદના ધ્યેયને પ્રાપ્ત કરનાર માનવી તે પૂર્ણ માનવી.[26]

પરમાત્માનું શુધ્ધ તત્ત્વ અને ગુણોનું સંપૂર્ણ અને પુરેપુરૂં પ્રતિબિંબ તેમાં પડે છે, અને પૂર્ણ માનવી દ્દારા જ પરમાત્માનો પૂર્ણ આવિષ્કાર સ્પષ્ટ દેખાય છે. સર્જનનો શરતાજ માનવી છે, તો માનવીનો શરતાજ પૂર્ણ માનવી છે. પૂર્ણ માનવીમાં પરમાત્મા પોતાનું જ પ્રતિબિંબ જુએ છે અને તેના દ્દારા તે પોતાને જાણે છે, અનુભવે છે. અને એટલે જ પૂર્ણ માનવીમાં સર્જન વિરમે છે, તેનો લય થાય છે. પરમાત્માને જોવા માટેનું તે દર્પણ છે. આમ, પરમાત્મામાંથી માનવી, માનવીમાંથી પરમાત્મા એમ, આખું ચક્ર પૂરું થાય છે, અને એટલે જ પરમાત્મા અને માનવી વચ્ચે પૂર્ણ માનવી એ સંયોગી કડી છે.

સ્વરૂપ અને ગુણો બન્નેની દૃષ્ટિએ પોતાનું સ્વતંત્ર વ્યકિતત્વ પરમાત્મામાં ગુમાવીને માનવી સંપૂર્ણ એકતા પ્રાપ્ત કરે છે. વસ્તુતઃ બે મતો આપણી સમક્ષ રજૂ થાય છે.

જીવનના ઉચ્ચ ધ્યેય તરીકે માનવી પરમાત્મા તરફ ગતિ કરે છે, પરમાત્માને પામે છે, જીલી પરમાત્માનો આ દિવ્ય પ્રકાશ પ્રાપ્ત કરવા માટે જીલી ચાર પ્રકારના માર્ગ દર્શાવે છે તે નીચે પ્રમાણે છે.

૧. દિવ્ય કર્મનો પ્રકાશ- રહસ્ય માર્ગનો પ્રવાસી પોતાની ઇચ્છાઓ અને કર્મોનો પરમાત્માની ઇચ્છા અને કર્મોમાં લય કરે છે.

...........

[26] એજન, પૃ. ૨૪

૨. દિવ્ય નામનો પ્રકાશ - રહસ્યમાર્ગનો પ્રકાશ પોતાની જાતને પોતાના નામને પરમાત્માના પ્રગટ નામ સાથે તાદાત્મ્ય સાધે છે. કોઇ એને પરમાત્માના એ નામથી બોલાવે તો જવાબ આપે છે અને આમ પરમાત્માના નામની સાથે તેના નામની તે એકરૂપતા સાધે છે.

૩. દિવ્ય ગુણોનો પ્રકાશ:- આ સ્થિતિએ પહોંચતા પ્રવાસીના ગુણોનો લય થાય છે અને તેને બદલે પરમાત્માના દિવ્ય સ્વરૂપનું આરોપણ કરે છે. પોતાનું સ્વરૂપ જીવાત્મામાં સ્થિત કરી પોતાના દિવ્ય ગુણોનો પ્રકાશ જીવાત્માને આપે છે. અને તે પરમાત્માના શુધ્ધ અવ્યાકૃત સ્વરૂપનો આવિષ્કાર પામે છે.[૨૭]

શબીસ્તરીએ "ગુલ્શને રાઝ" માં રહસ્યમાર્ગની ત્રણ પ્રકારની મુસાફરી આ પ્રમાણે દર્શાવી છે.

૧. પરમાત્માથી દૂર જતી મુસાફરી- ભિન્નરૂપાત્મક વિશ્વમાં માનવી પરમાત્માથી ભિન્ન વ્યક્તિ તરીકે જન્મે છે. આ પ્રકારની મુસાફરી બન્ને વચ્ચેની એકતાનો પડદો છે.

૨. પરમાત્મા તરફ થતી મુસાફરી - રહસ્યમાર્ગ દ્વારા માનવી પરમાત્મા સાથે મૂળભૂત એકતા સાધવા માટે પરમાત્મા તરફ ગતિ કરે છે. પરમાત્મા તરફની આ ગતિનું તત્ત્વજ્ઞાની પ્લોટીનસ આ પ્રમાણે વર્ણન કરે છે: વિખૂટાં પડેલાં પ્રેમીઓનું પુન: મિલન - માત્ર એક વ્યક્તિનું એક જ પરમાત્મામાં - આકાશ માર્ગે ઉડ્ડયન.[૨૮]
Flight of the Alone to the Alone[29]

સાગરે પણ 'ધનચકકરના નકશામાં આ પ્રવાસ માટે આકાશ માર્ગ -'બલુનખાતું' એવો નિર્દેશ કર્યો છે.[૨૯]

...........

[૨૭] એજન, પૃ. ૩૩

[૨૮] એજન.

[૨૯] 'ધનચકકરનો નકશો' - અપ્રસિધ્ધ - પરિશિષ્ટ અ

૩. પરમાત્મામાંથી પરમાત્માની સાથે થતી મુસાફરી- પરમાત્મા સાથેની પોતાની મૂળભૂત એકતા પ્રાપ્ત કર્યા પછી પૂર્ણ માનવી- પયગમ્બર જગતની સેવા માટે જગતમાં પાછો ફરે છે. ગાંભીર્ય અભેદની મસ્તી પછી જગતમાં અવતાર ધારણ કરતા જીવાત્મા એક પ્રકારની ગંભીરતા પ્રાપ્ત કરે છે. આ પયગમ્બરની- પૂર્ણ માનવીની સ્થિતિ છે. જગતમાં હોવા છતાં તે હંમેશા પરમાત્માથી પોતાને અભિન્ન માને છે. બીજા કેટલાક સૂફીઓ રહસ્યમાર્ગની મુસાફરી આ પ્રમાણે વર્ણવે છે. ૧. આત્મ સમર્પણ - અહંનો લય- ફના ૨. પરમાત્મામાં આત્માની અભેદ સ્થિતિ બકા. ૩. બીજાનો ઉપદેશ ૪. દેહનું મૃત્યુ.[30] માટે પરમાત્માની અસીમ કૃપાની યાચના કરવી જોઇએ. ઘણાં સૂફીઓના મત પ્રમાણે ધિક્ર-મસ્તીના ઉચ્ચોચ્ચ શિખર દ્વારા ફના- આત્માનો પરમાત્મામાં લય કરવા માટેનું અત્યન્ત મહત્વનું સાધન ગણાય છે. ધિક્રની પ્રથમ દશા- તબકકો એટલે આત્માને (હું પણાને)-(જીવપણાને) ભૂલી જવો અને પરમાત્માનું ચિંતન કરવું- ધિક્રની છેલ્લી દશા- સ્થિતિ પરમાત્મા અંગેના વિચારની પ્રક્રિયાને પણ ભૂલી જવી, અને પરમાત્મામાં પોતાના આત્માને સ્થિત કરવો- લય કરવો. આશકની આ મસ્ત સમાધિની દશાના અનુભવ માટે પરમાત્માની ખાસ કૃપાને સૂફીઓ અનિવાર્ય માને છે, એટલે જ તેને કોઇ જડ બાહ્ય ક્રિયા- બાહ્ય સાધનની અપેક્ષા નથી.[31]

## સૂફી રહસ્યવાદ

હૃદયના દિવ્ય પ્રકાશ વડે પોતાના અહમનો લય કરીને પરમાત્માના દિવ્ય સ્વરૂપ અને તેમના દિવ્યગુણોનું ગુહ્ય જ્ઞાન રહસ્યમાર્ગનો પ્રવાસી જાણી શકે છે. સૂફી ફકીરની આ દશા અવધૂતી- મસ્તીની છે. હૃદયના દિવ્ય પ્રકાશ વડે તેને પરમાત્માનો દિવ્ય અનુભવ પ્રાપ્ત થાય છે. પરમાત્માનો અનુભવ તો હૃદય વડે જ શક્ય છે. ચોપડી, ગુરુ કે અન્ય સાધન વિના જ તમારા હૃદયમાં પરમાત્માનો અનુભવ તમે કરી શકશો, એમ કહી સાચા હૃદયથી - શુધ્ધ

...........

30 Sufism and Vedanta Part I, P. 34.

31 એજન, પૃ. ૩૫

અંત:કરણથી હરિ-વિરહના પશ્ચાતાપના અગ્નિ વડે પરમાત્મા તરફ અભિમુખ થવાની રુમી સાહેબ સલાહ આપે છે.[૩૨]

રહસ્યવાદ હૃદયનું, લાગણીનું અને સ્નેહનું તત્ત્વજ્ઞાન છે. તર્ક કે બુદ્ધિની સાથે તેને કશો જ સંબંધ નથી ને એટલે જ આપણે ચોકકસ સૂત્રો દ્વારા તાર્કિક રૂપમાં સ્પષ્ટપણે મૂળભૂત સત્યોને દર્શાવી શકીએ નહી. રહસ્યવાદના સારતત્વ પરમાત્માના પ્રત્યક્ષ અનુભવ- સાક્ષાત્કાર હોઇ, તે વસ્તુત: ધાર્મિક જીવનની પધ્ધતિને જ નિરુપે છે. ધર્મની સામાન્ય દૃષ્ટિ માનવી અને પરમાત્મા બન્નેને એક વૈયકિતક સંબંધ સ્થાપે છે. આવો સંબંધ સ્થાપવા માટે માનવી અને પરમાત્મા બન્નેને એક બીજાથી ભિન્ન ગણવા જોઇએ તો જ આવો સંબંધ સ્થાપી શકાય. અને આવો સંબંધ સ્થાપવા માટે માત્ર જગતમાં વ્યાપ્ત કે જગતથી પર પરમાત્માનું સ્વરૂપ ગણવાને બદલે પરમાત્મા જગમાં વ્યાપ્ત હોવા છતાં જગતથી પર સ્વરૂપવાળા સ્વીકારવા પડે. અને એટલે જ માત્ર જગતને પરમાત્માની સાથે એકરૂપ ગણતાં અદ્વૈતવાદની સાથે કે પરમાત્માની સાથે સરખાવી ન શકાય. વિશ્વાત્મવાદની સાથે રહસ્યવાદને સરખાવી શકાય નહી. રહસ્યવાદમાં બન્નેનો સંબંધ વધારવાનો પ્રયત્ન હોવા છતાં સૂફીઓ માને છે કે પરમાત્મા અંદરથી- ખરા હૃદયથી ચાહવાને પૂજવા યોગ્ય છે.

સાગરમાં સંપૂર્ણપણે ભળી જતા લય પામતા મેઘના બિન્દુની માફક પરમાત્મામાં સંપૂર્ણપણે પોતાનોઅહમ્‌નો - પોતાનો જીવાત્માએ સંપૂર્ણપણે લય કરવાનો છે.હૃદયના ઊંડા સંવેદનો, લાગણીઓ અને અનુભવોને વાણી દ્વારા વ્યકત કરી શકાય નહી. વળી, રહસ્યવાદને- આત્માનુભવને- બધી તાત્ત્વિક વિચારણાને ધર્મનું શિખર માનવામાં આવે છે, કારણ કે જીવાત્માને રહસ્યવાદ દ્વારા સાક્ષાત્કારનો પ્રત્યક્ષ અનુભવ - જીવન સત્વ પ્રાપ્ત થાય છે. શંકરાચાર્યના તાત્ત્વિક અને બૌધ્ધિક અદ્વૈતવાદથી સૂફીઓનો લાગણીપ્રધાન અને રહસ્યલક્ષી અદ્વૈતવાદ ભિન્ન છે, કારણ કે સૂફીઓ આધ્યાત્મિક અવધૂતી-મસ્તી અને

............

[૩૨]એજન, પૃ. ૩૨

આત્માનુભવને અત્યંત આવશ્યક ગણાવે છે.

મહમુદ શબીસ્તરીના 'ગુલ્શને રાઝ'માં સૂફીવાદના મુખ્ય મુખ્ય સિધ્ધાંતો ગણાવતાં વ્હીનફિલ્ડ નીચેના સૂફીવાદના સિધ્ધાંતો દર્શાવે છે. પરમાત્મા પ્રત્યેનો પ્રેમ, પરમાત્મા સાથેની એકતા, આત્માનો પરમાત્મામાં લય, પરમાત્મામાં શાશ્વત જીવનદ્વારા આત્માનો નિવાસ, જીવાત્મામાં રહેતું દૈવી તત્વ, ધાર્મિક ક્રિયાઓ, પરમાત્મ કૃપા, આધ્યાત્મિક લય, આત્માનુભવ અને હૃદયમાં દિવ્ય પ્રકાશની ભાવના.

<u>બાહ્ય જગતનો તથા જીવાત્માના અસ્તિત્વનો ઇન્કાર</u>

સૂફીવાદમાં બાહ્ય-વ્યાવહારિક જગત અને જીવાત્માનું સાચું અસ્તિત્વ માનવામાં આવતું નથી. બંનેના ભ્રામક અસ્તિત્વનો કેવલાદ્વૈતની માફક જ સ્વીકાર કરવામાં આવ્યો છે. માનવી જ્યાં સુધી એક પરમ સત્થી ભિન્ન રીતે પોતાનું અસ્તિત્વ અનુભવે છે, ત્યાં સુધી માનવીની એક માત્ર ફરજ અસ્તિત્વ નહીં ધરાવતા જગતનો ભ્રમ દૂર કરવાની છે, અને તે જીવાત્માએ પોતાના અહંપણાના સંપૂર્ણ લય દ્વારા પરમાત્માની સાથે એકતા સાધી પરમસત્- હકક પરમાત્મામાં શાશ્વત જીવન જીવવું જોઇએ. આ માટે બાહ્ય સ્વરૂપો કે ધાર્મિક ક્રિયાઓ બહુ આવશ્યક નથી. કારણ કે તે તો ઉલટું, દ્વૈતનો - માનવીના અહમભાવનો અને તેના અસ્તિત્વનો ભ્રમ ચાલુ રાખે છે. વસ્તુત: તો જીવાત્માના આ બધાં વળગણો દૂર કરવાનું કાર્ય જ માનવીએ કરવાનું છે. અને માનવીના હૃદયમાં તે પછી જ પરમાત્માની કૃપા અને દિવ્ય પ્રકાશ અંદર દાખલ થઇ શકશે. જે દ્વારા માનવી હકકનું જ્ઞાન પ્રાપ્ત કરી એ એક અદ્વિતીય અનંત પરમાત્માની સાથે એકતા સાધી શકશે. સૂફીઓ દૃઢપણે માને છે કે પ્રેમ સ્વરૂપ પરમાત્મા સાથે અનન્ય પ્રેમમાર્ગ દ્વારા જીવાત્મા એકતા સાધી શકે છે.[૩૪]

...........

[૩૪] એજન, પૃ. ૩૮

'ગુલ્શને રાઝ'માં મહમુદ શબીસ્તરીએ પ્રારંભમાં જ પરમાત્મા અંગેનું જ્ઞાન - ઉચ્ચોચ્ચ વિચાર પ્રાપ્ત કરવા માટે જગતનો ત્યાગ અને આત્માની વિશુધ્ધિની આવશ્યકતા દર્શાવી છે.[35] પરમાત્મા સાથે જે એકતા સાધે છે તે જ આત્માનુભવ દ્વારા દિવ્ય, શુધ્ધ પ્રકાશ જોઇ શકે છે. આ પ્રકાશ પ્રાપ્ત કર્યા પછી વિશ્વની તમામ વસ્તુઓમાં - અણુએ અણુમાં તેને પરબ્રહ્મના જ દર્શન થાય છે. હ્રદયની વિશુધ્ધિ (Purification of the self) આ ઉચ્ચોચ્ચ વિચાર- અનુભવનું અગત્યનું લક્ષણ છે. પરમાત્માના માર્ગદર્શન કૃપા-વિના આ માર્ગ તરફ આગળ ગતિ કરી શકાતી નથી.

લાહીજી, પ્લોટીનસ, અને ડાયોનીસીના મત પ્રમાણે માનવીના સાચા તત્વને ઢાંકનાર તે જીવાત્માની મર્યાદાઓ- માનવીના મોજ શોખ અને વ્યવહારના સંબંધ ઇત્યાદિ છે. ર. પ્લોટીનસ અનંત અપરિમિત સાથે એકતા પ્રાપ્ત કરવા માટે કહે છે કે સાધકે પોતાના સ્વભાવ - સ્વરૂપનો લય કરવો જોઇએ. બુધ્ધિની, ઇન્દ્રિયોની તથા ઇન્દ્રિયોના વિષયો તેમજ વિચારના બધા વિષયો- પદાર્થોનો લય કરીને જ પરમાત્માની સાથે એકતા પ્રાપ્ત કરી શકાશે.[36]

વ્યાવહારિક જગત વસ્તુત: તો અસ્તિત્વ ન ધરાવતું હોવા છતાં દર્પણની માફક તેમાં પરમાત્માના વિવિધ ગુણો પ્રતિબિંબિત થાય છે. પરમાત્માના પ્રકાશના કિરણ મિથ્યા અસ્તિત્વ ધરાવતા જગતના અણુએ અણુમાં એક એક દિવ્ય ગુણનું પ્રતિબિંબ પાડે છે. આ મત પ્રતિબિમ્બવાદ સાથે સંબંધ ધરાવે છે.

વિશ્વના નિયમમાં માત્ર પરમ સત્ જ કાર્ય કરી રહ્યું છે. તારાઓ, ગ્રહો બધું પરમસત્ છે. માનવી વિશ્વનો આત્મા છે. વિશ્વનો તે સરતાજ છે, તેનામાં પરમાત્માના બધા જ દૈવી ગુણોનું પ્રતિબિંબ પણ છે જ, તો બીજી બાજુએ તેનામાં અહંકાર છે. એટલે જીવાત્માનું અજ્ઞાન - જડતા તેને પરમાત્મા સાથેની એકતાનો અનુભવ કરતા રોકે છે અને એકતા પ્રાપ્ત થતાં

............

35 Shabistari - 'Gulshan I Raz'-E.H.Whinfield

૩૬ એજન, પૃ.૮

ઐહિક વિચારનું અસ્તિત્વ જ રહેતું નથી. બધા વિચારોનો ત્યાં લય થાય છે, વિચાર માત્ર દ્વૈત સૂચવે છે. પરમાત્મા સાથેની એકતા દ્વારા બધાજ વિચારોનો પણ લય થાય છે. આ સિધ્ધાંત સાથે અજાતવાદનું સામ્ય જોઇ શકાશે.[૩૭] સાગરે પણ"સાગરની પત્રરેખા"માં બન્નેની સમરૂપતાનો સ્વીકાર કર્યો છે.[૩૮]

૩. આત્મામાં પ્રવાસ કરવો એટલે વ્યાવહારિક જીવાત્મામાંથી :અસ્તિત્વ સાચા આત્મા તરફ જે પરમ સત સાથે એકતા ધરાવે છે તે મૂળ સ્વરૂપ સાથેની એકતા પ્રાપ્ત કરવા માટે ગતિ કરવી- પ્રવાસ કરવો, જ્યારે માનવીનો આ વ્યાવહારિક જીવાત્મા લય પામે છે ત્યારે કોઇ નિયમો તેને સ્પર્શતા નથી અને તે પરમાત્મા સાથે એકતા પ્રાપ્ત કરે છે.

૪. આ પ્રવાસ - પરમાત્મા તરફનો પ્રવાહ અને પરમાત્મામાં હોવા છતાં પરમાત્મામાંથી પ્રવાસ- પયગંબરોનો પ્રવાસ આ ચક્ર જે પૂરું કરે છે તે પૂર્ણમાનવી ગણાય છે. માનવી જગતમાં જન્મે છે ત્યારે કુવાસના પણ તેના હૃદયમાં સાથે જ જન્મે છે અને જો તે તેને કબજે થાય તો તેનો નાશ થાય છે, પણ પરમાત્મકૃપા અને તેના આત્માના પ્રકાશ દ્વારા પસ્તાવો કરી જો તેનું હૃદય બદલાય અને તે પરમાત્મા તરફ પ્રવાસ કરી તે દ્વારા પોતાની ઇચ્છાશકિત, જ્ઞાન અને સંપૂર્ણ અસ્તિત્વનો લય કરે તો વિશુધ્ધ થઇ તે પરમાત્મા સાથે- પરમસત્ સાથે એકતા પ્રાપ્ત કરી સંતની આત્માનુભવની દશા પામે.[૩૯]

વસ્તુત: તો માનવીમાં રહેલા વ્યાવાહારિક જીવાત્માના લયનું જ બીજું નામ છે-'પરમ સત્ સાથેની એકતા' છે. એનું એક દૃષ્ટાંત આપતા મહંમદ

...........

[૩૮] 'સાગરની પત્રરેખા', પૃ. ૧૬૨

[૩૯] 'Sufism and Vedanta', Part II, Page 122

શબીસ્તરી કહે છે કે એક પાણીનું બિન્દુ કે જેનું મૂળ મહાસાગર જ છે તેમાંથી વરસાદરૂપે છોડ આદિમાં પોષણ અને ફરી તે સમુદ્રમાં ભળી જાય- એના જેવું છે. અસ્તિત્વ ધરાવતાં તત્વોનો વિશ્વાત્મામાં - પરમાત્મામાં લય થતો જ રહે છે, અને તે લયને જ પરમાત્મા સાથેની એકતા કહે છે. માનવીનું ગૌરવ તેની પોતાની ઇચ્છાશક્તિનો લય કરીને અને પરમાત્માની ઇચ્છાશક્તિમાં જ પોતાની સાચી ઇચ્છાશક્તિ માનવામાં રહેલું છે.[40]

૫. પરમ સત્ અને શ્રધ્ધાના જ્ઞાનનો સંબંધ મહુંમદ શબીસ્તરી છીપ અને મોતીના જેવો ગણાવે છે. સૂફીઓ આ મોતી છીપમાંથી કાઢવાનું છે પરંતુ તેણે મોતી પૂરેપુરૂં પાકે નહી ત્યાં સુધી એ છીપને તોડવાની નથી. આ શ્રધ્ધા વિના હૃદયની આ અંદરની દશા વિના બહારના કોઇ નિયમો કામયાબ નીવડતા નથી. આત્માની સમતા પરમાત્માના દિવ્ય તત્વને આકર્ષે છે. અને પરિણામે પરમાત્મ કૃપા વડે રહસ્યપૂર્ણ ઐક્ય -આત્મા પરમાત્માનું લગ્ન રચાય છે.

બધી વસ્તુઓ એક છે. શાશ્વત જગત અને ક્ષણિક જગત એવી બે વસ્તુઓનું અસ્તિત્વ જ નથી. કારણ કે ક્ષણિક જગત એ તો માત્ર આત્મગત ભ્રમ જ -અધ્યાસ- છે. શ્રી. ગૌડપાદાચાર્યે આપેલું અલાતચક્રનું દૃષ્ટાંત આપતાં મહુંમદ શબીસ્તરી પણ કહે છે કે જ્યારે અગ્નિના એક જ તણખા ને જલદીથી ગતિ આપીને ગોળ ફેરવવામાં આવે ત્યારે તે અગ્નિના ચક્ર જેવું દેખાય છે. વસ્તુતઃ તે તેવું હોતું નથી.

...........

[40]એજન, પૃ. ૧૨૫

પહેલા પ્રશ્નના ઉત્તરમાં મહમુદ શબીસ્તરી કહે છે કે:

"આખું વિશ્વ પરમસતના પ્રકાશનું જ પ્રતિબિંબ જાણ. છતાં પરમ સતનો આવિષ્કાર થતો દેખાતો નથી તે તો તેમાં છૂપાયેલું જ રહે છે. આ પ્રકાશ ફેરફાર કે ક્ષણિકતાથી જ્યાં સુધી પરમાત્મ કૃપા વડે આત્માનુભવ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેનું સ્વરૂપ જાણી શકાય તેમ નથી.[૪૧]

બીજા પ્રશ્નના ઉત્તરમાં મહંમદ શબીસ્તર પરમાત્મકૃપાની આવશ્યકતા દર્શાવતા કહે છે કે પરમાત્મા સાથેની એકતા અનુભવવા માટે પરમ સતના તત્વ અંગે વિચાર ન કરતાં પરમાત્માની કૃપા અંગે વિચાર કરવો જોઇએ.[૪૨]

મહંમુદ શબીસ્તરી સતત પુરુષાર્થ દ્વારા માનવીને પરમ સત હકકનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટેનું ઉદબોધન કરતાં કહે છે "જો તું માણસ હોય તો તારા માર્ગમાં આવતા બધા અટકાવો- દૂર કરી આગળ વધ. પરમાત્માના સાચા મિત્ર બની પરમ સતની શોધ કર. અંતિમ ધ્યેયની પ્રાપ્તિ થયા વિના તારા પ્રયત્નો અટકાવીશ નહી."[૪૩]

પરમાત્માના વિવિધ નામોનો ઉલ્લેખ કરી શબીસ્તરી કહે છે કે તમારામાં જ પરમાત્માના બધા નામોનું પ્રતિબિંબ પડે છે. શકિત, જ્ઞાન અને ઇચ્છા પણ તમારામાં જ છે.[૪૪]

ત્રીજા પ્રશ્નમાં "હું કોણ છું" એ પ્રશ્નના જવાબમાં પણ મહંમુદ શબીસ્તરીએ આત્માનો- જીવપણાનો લય કરી પરમાત્મામાં જ સ્થિત થવા માટે ઉદબોધન કર્યું છે.[૪૫]

...........

[૪૧] Shabistari - Gulshan I Raz, P. 11

[૪૨] એજન, પૃ. ૧૨

[૪૩] એજન, પૃ. ૧૯

[૪૪] એજન, પૃ. ૨૯

[૪૫] એજન, પૃ. ૩૦

શબીસ્તરી મહા યાત્રાની મુસાફરીને માત્ર બે પગલાંની ગણાવે છે. ૧. ફના દ્વારા વ્યાવહારિક જીવાત્મામાંથી પરમાત્મા તરફ વળવું અને રહસ્યપૂર્ણ એકતા પરમાત્મા સાથે પ્રાપ્ત કરવી અને ૨. ફરીવાર અવતાર ધારણ કરવો, જેમાં એકતાનો અનુભવ શાશ્વત રહે છે. પરબ્રહ્મ તરફ મુસાફરી કરનાર અનુભવે છે કે તમે ભિન્ન હોવા છતાં એક છો અને એક જ પરમાત્મા ભિન્નતા- દ્વૈતપણું ધારણ કરે છે.[૪૬]

ચોથા પ્રશ્નના જવાબમાં મહુમદ શબીસ્તરી માર્ગના મુસાફરની વ્યાખ્યા સમજાવતા કહે છે કે જે પોતાના મૂળ સ્વરૂપની સાથે અનુસંધાન સાધે છે અને અગ્નિ જેમ ધૂમ્રથી અલગ થતાં શુધ્ધ થાય છે તેમ જીવાત્મા અહંકારને ત્યજી દેતાં વિશુધ્ધ થાય છે. પછી જ તે સાચો પ્રવાસી ગણાય છે. આ મુસાફરી દરમિયાન તે અંધારાને અજ્ઞાનને દૂર કરે છે અને પૂર્ણ માનવીની કક્ષાએ પહોંચે છે.[૪૭]

આ અંગેના નિયમો આપતા મહુમદ શબીસ્તરી પૂર્ણમાનવીના ગુણો દર્શાવે છે. તે પરમ હકકના પ્રકાશ સાથે તેના હૃદયનું અનુસંધાન જાળવી રાખે છે, અને પોતે પશ્ચાતાપ - દ્વારા પરમાત્મા તરફ વળે છે. આ અંગેના વિભિન્ન તબકકાઓ લાહીજી આ પ્રમાણે દર્શાવે છે: ૧. અશ્રધ્ધા ૨. ખરાબ કૃત્યો હૃદયની વિશુધ્ધ,ફનાની સ્થિતિ દ્વારા બાહ્ય જગતની દૃષ્ટિનો અને સર્વ પ્રકારની સભાનતાનો લય પરમાત્મામાં દૃઢ શ્રધ્ધા.[૪૮]

મહુમુદ શબીસ્તરી પયગમ્બરને સૂર્ય અને સંતને ચંદ્રની સાથે સરખાવી બન્નેનો અસ્ત એકતાના બિન્દુમાં થતો દર્શાવે છે. સંત અને પયગમ્બરનો તફાવત દર્શાવતા તે કહે છે:

...........

[૪૬]એજન, પૃ. ૩૨

[૪૭]એજન, પૃ. ૩૨

[૪૮]એજન.

સંતનું સંતપણું છૂપાયેલું હોય છે, જ્યારે પયગમ્બરને ઉપદેશ આપવાનો હોવાથી જાહેર જનતા સમક્ષ તે ખુલ્લું પડી જાય છે. વસ્તુતઃ તો બન્ને પરમાત્માને ચાહતા હોવાથી પરમાત્મા પણ તેમને ચાહે છે. આજ્ઞાંકિતપણું- દાસોહમ્‌ની ભાવના એ તેનું અગત્યનું લક્ષણ ગણાય છે, તેમ છતાં તે પયગમ્બરને કોઇપણ સન્ત કરતાં સૌથી વધારે શ્રેષ્ઠ ગણાવે છે, કારણ કે તેમના દ્વારા જ શાંતિ અને શ્રધ્ધાનું સામ્રાજ્ય ફેલાશે એમ તે માને છે.[૪૯]

શબીસ્તરીએ બાહ્ય જીવનમાં ધાર્મિક નિયમોનું દૃઢપાલન- આચરણ તેમજ અંતરમાં રહસ્યવાદના અનુભવનું અનુસરણ સ્વીકારે છે.

તે પરમાત્મપ્રાપ્તિના સાધનોમાં હું પણાનો ત્યાગ અને હૃદયની વિશુધ્ધિને જ મહત્ત્વનાં ગણાવે છે.[૫૦]

પાંચમાં પ્રશ્નના ઉત્તરમાં મહ્મુદ શબીસ્તરી કહે છે કે જે પરમ સત્ પરબ્રહ્મને જાણી શકે તે જ સાચો જ્ઞાતા છે. માર્ગના પ્રવાસીને તે કહે છે: "પ્રિયતમાનું નિવાસ સ્થાન તમારા હૃદયને બનાવવા માટે તમે તૈયાર રહો. તમે (જીવાત્માનો અહંકાર -હું પણું) બહાર નીકળી જશો તે પછી જ તે પ્રિયતમા (પરમાત્મા) અંદર પ્રવેશ કરશે, અને તમારા હૃદયમાં જ - તમારો અહંકાર -હું પણું ગયા પછી તે તેના સૌન્દર્યનું દર્શન કરાવશે. પરમાત્મા સિવાય બીજું કોઇ નથી. આમ, પરમાત્મા સિવાય અસ્તિત્વ ધરાવતી બીજી બધી વસ્તુઓનો તેનામાં લય કરી તે દ્વારા પવિત્ર થઇ એક પછી એક મથક પ્રાપ્ત કરી અનુભવ થશે, પછી જ જ્ઞાન અને જ્ઞાતા બન્ને એક બનશે.[૫૧]

...........

[૪૯] એજન, પૃ. ૩૫

[૫૦] એજન, પૃ. ૩૬

[૫૧] એજન, પૃ. ૪૦-૪૧

જગત પોતાના ચાર પ્રકારના વળગણો દ્વારા આત્માને અશુધ્ધ કરે છે. એટલે તેની શુધ્ધિ પણ ચાર રીતે થતી ગણવામાં આવે છે. આ ચારેમાં ખરાબ ટેવોની હૃદયની વિશુધ્ધિને અત્યંત મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ રીતે જેમની શુધ્ધિ થઇ તે જ ખરેખર પરમાત્મા સાથેની એકતા પ્રાપ્ત કરવા માટે સાચો અધિકારી બને છે. આજ પ્રશ્નના ઉત્તરમાં શબીસ્તરી પરમાત્મપ્રાપ્તિ માટે સગાંસંબંધીઓ પ્રત્યે અને પોતાના પ્રત્યેનો મોહ- દેહભાવ, પાપ તથા ખરાબ કૃત્યો, ખરાબ ટેવો અને હૃદય એ ચારેની વિશુધ્ધિની આવશ્યકતા સ્વીકારે છે.[૫૨]

છઠ્ઠા પશ્નના ઉત્તરમાં મહુમુદ શબીસ્તરી કહે છે કે જ્યાં સુધી પરમ સત્નો પ્રકાશ તમને પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી પરમ સતને તમે જાણી શકતા નથી, જેમ ભૂમિ સૂર્યમાંથી ગરમી ખેંચી લે છે તેવું જ જ્ઞાતા જ્ઞેયનું છે. વસ્તુતઃ કશું જ નથી.[૫૩]

<u>વ્યાવહારિક દૃષ્ટિએ જગતનું સત્ય - પારમાર્થિક દૃષ્ટિએ અસત્</u>

<u>સૂફીવાદ અને અદ્દૈતવાદ વચ્ચેની સમાનતા</u>

સાતમાં પ્રશ્નના ઉત્તરમાં "હું જ પરમ સત્ છું" એ પરમ ગુહ્ય અનુભવનું સુત્ર સમજાવતાં શબીસ્તરી કહે છે કે "કોઇ પણ વ્યકિત જેનું હૃદય પૂર્ણ સાત્ત્વિક પૂર્ણ શુધ્ધ હોય તે બરાબર જાણે છે કે એ એક વિના - પરમાત્મા વિના- બીજા કશાનું વસ્તુતઃ અસ્તિત્વ જ નથી. પરમ સત્ના સામ્રાજ્યમાં કોઇપણ પ્રકારના દ્દૈતનો સ્વીકાર કરવામાં આવતો નથી. હું આપણે કે તમે- નું ત્યાં અસ્તિત્વ જ નથી.

પરમ એકતામાં વિવિધ વ્યકિતઓની ભિન્નતાનો સ્વીકાર કરવામાં આવતો નથી. દરેક વ્યકિત જે પોતાના અહંકારી જીવાત્માથી વિમુખ

...........

[૫૨] એજન, પૃ. ૪૧

[૫૩] એજન, પૃ. ૪૩

થાય છે તે જ પોતાનામાં "હું પરમ સત્ છું" એવો દૈવી નાદ સાંભળે છે"[૫૪] દરેક વસ્તુઓને તેની પોતાની બે બાજુઓ હોય છે. એક વ્યાવહારિક બાજુ, બીજી તેના સત્ય સ્વરૂપનું ભાન કરાવતી એકતાના જ – પરમ સત્ના જ – સ્ફૂલિંગ સમી પારમાર્થિક શાશ્વત બાજુ. જે વ્યકિત પોતાની આ શાશ્વત બાજુને ઓળખે છે તેની વ્યાવહારિક બાજુનો આપોઆપ લય થાય છે. પછી તેની મુસાફરી કે તે મુસાફર કે મુસાફરીનું ધ્યેય ત્રણે એક જ બને છે.[૫૫] પરમ સત્થી જે ભિન્ન હોય છે તેનું અસ્તિત્વ માત્ર વ્યાવહારિક રીતે જ સત્ય હોય છે. પારમાર્થિક દૃષ્ટિએ નહીં. શ્રી. શંકરાચાર્યનો કેવલાદ્વૈતનો સિધ્ધાન્ત અહીં સ્પષ્ટપણે રજૂ થયેલો જોઇ શકાય છે. સૂફીવાદ અને અદ્વૈતની આવી એકતા ઘણા સિધ્ધાન્તોમાં જોઇ શકાય છે.

અદ્વૈતમાં દ્વૈત માનવું તે કેવળ મૂર્ખતા છે. અને એટલે જ મહ્મુદ શબીસ્તરી અંતમાં કહે છે કે, પ્રાણીઓનું અસ્તિત્વ અને દ્વૈત એ વસ્તુત: આભાસ જ છે અને જે બધું દેખાય છે તે વસ્તુત: અસ્તિત્વ ધરાવતું નથી.

મહ્મુદ શબીસ્તરી આ સર્વ અસ્તિત્વ ધરાવતી વસ્તુઓનું અસત્યત્વ તથા એક માત્ર પરમસતનું સાચું અસ્તિત્વ હોવાનો સિધ્ધાન્ત દૃષ્ટાન્તો આપી સાબીત કરે છે.[૫૬]

અંતમાં તે કહે છે કે, પરમ સત્-સત્ય વિના બીજા કશાનું વસ્તુત: અસ્તિત્વ જ નથી. પરમસતથી ભિન્ન એવા કાલ્પનિક દેખાવો તમને તમારા પોતાના સાચા સ્વરૂપનું ભાન થતું અટકાવે છે.[૫૭]

...........

૫૫ એજન.

૫૬ એજન, પૃ. ૪૬-૪૭

૫૭ એજન, પૃ. ૪૮

મહ્મુદ શબીસ્તરી આઠમો પ્રશ્ન રજૂ કરે છે તેમાં પૂર્ણતા પામેલા સૂફી વાસિલે હકની ચર્ચા કરવામાં આવી છે. દ્વૈતના વ્યાવહારિક શ્રમની સ્થિતિથી ભિન્ન દશા તે પરમાત્મા સાથેની એકતાની દશા છે. જીવાત્માના અહંકારી સ્વરૂપથી વિમુખ થનાર જ તેની પરમાત્માની સાથે મિત્રતા પ્રાપ્ત કરી શકે.

આઠમા પ્રશ્નના ઉત્તરમાં સબીસ્તરી પૂર્ણતા પામેલા સૂફીની 'વાસિલેહકક' ની સ્થિતિ સમજાવે છે: "પરબ્રહ્મનો તેના પોતાના સ્વરૂપ વડે બધામાં આવિષ્કાર થયેલો દેખાય છે. વ્યાવહારિક પદાર્થો માત્ર કાલ્પનિક વસ્તુઓ છે અને કાલ્પનિક વસ્તુઓનું સાચું અસ્તિત્વ હોતું નથી.[૫૮]

આ જ ઉત્તરમાં પરમાત્માના કાર્યોને તે કાર્યકારણથી પર ગણાવે છે. અને માનવીના સ્વતંત્ર વ્યક્તિત્વની ચર્ચા કરતાં તે અંતમાં કહે છે કે તમારા પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વથી તમે મુક્ત થઇ તમારા પોતાના સાચા આત્મામાં પરમાત્માની જ દિવ્ય ઇચ્છા ફરતી જોશો. તમે પરમાત્માની ઇચ્છામાં જ તમારી બધી ઇચ્છાઓ હોમી દો.[૫૯]

બધા પ્રકારના ગુણો વડે આત્માને શણગારવા માટે સદ્વર્તનના નિયમો પણ તે આપે છે. સત્ચરિત્રના સિધ્ધાંતોમાં તે મુખ્ય ચાર ગણાવે છે. સમાનતા જ્ઞાન, સહિષ્ણુતા, અને હિંમત ચારિત્ર્યના આ ચાર ગુણો જેના વિચાર અને વર્તનમાં હોય તે જ સાચો સૂફી છે- સાધુ છે.[૬૦]

પરમાત્મામાં સાચી શ્રધ્ધા પ્રગટતાં વિવિધતત્ત્વો જ્યારે સમાન થાય ત્યારે સર્વત્ર પરમ સતનું જ સામ્રાજ્ય કાર્ય કરતું જણાશે. એના સામ્રાજ્યમાં બધુ સારું જ છે મનની વૃત્તિઓના ઊર્ધ્વીકરણ દ્વારા સમતા પ્રાપ્ત થતાં સર્વહિતપ્રદ- કલ્યાણપદ જ છે એવો અનુભવ તે જ સાચી શ્રધ્ધા છે. જીવ-શિવની એકતાના અનુભવનું જ એ

............

[૫૮]એજન, પૃ. ૪૯

[૫૯]એજન, પૃ. ૫૬

[૬૦]એજન' પૃ. ૫૯

પરિણામ છે.[61]

અગિયારમાં પ્રશ્નના ઉત્તરમાં મહ્મુદ શબીસ્તરી પરબ્રહ્મનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે: પરબ્રહ્મનું પોતાનું સ્વરૂપ તો તેના પોતાના પૂર્ણ ભાગ રૂપ ગણાતા વિશ્વ કરતાં યે મોટું છે. પૂર્ણ ભાગ એ વ્યાવહારિક અસ્તિત્વ ધરાવતું વિશ્વ છે- તેની બાહ્ય બાજુ દ્વૈત સ્વભાવ ધરાવે છે, પરંતુ અંદરની બાજુમાં- જગત, પરબ્રહ્મની તો એકતા જ રહેલી છે.[62]

દરેક અસ્તિત્વ ધરાવતી વસ્તુનો આ વિષ્કાર દ્વૈત વડે થાય છે પરંતુ તેની અંદર રહેલી એકતાને પણ આ દ્વૈત જ ઢાંકે છે.[63]

શબીસ્તરી વિશ્વનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે:

"શાશ્વત અને ક્ષણિક એવી બે એક બીજાથી ભિન્ન વસ્તુઓનું અસ્તિત્વ નથી કારણ કે તે પરમસતમાં જ આ વસ્તુત: નહીં અસ્તિત્વ ધરાવતું જગત પણ અસ્તિત્વ ધરાવે છે. એ પરમ સત જ બધામાં સર્વવ્યાપક છે. જગતનો અંક પક્ષીની માફક માત્ર નામ વડે જ જાણીતું પરંતુ દેહસ્વરૂપ વડે અસત્ય છે. આ આખું યે વિશ્વ માત્ર કાલ્પનિક વસ્તુ છે. એ તો માત્ર એક બિન્દુ છે- ઉંબાડિયાને- અગ્નિ વડે સળગાવીને ફેરવવાથી જેવીરીતે સીધાં, વક્ર વર્તુળના દેખાવો દેખાય છે તેના જેવું અસત્ય છે. આમ, મહમુદ શબીસ્તરે પણ શ્રી. ગૌડપાદાચાર્યે આપેલા અલાતચક્રનું દૃષ્ટાંત આપી જગત આદિ સર્વની અસત્યતાનું પ્રતિપાદન કર્યું છે.[64]

...........

[62]એજન, પૃ. ૬૩

[63]એજન, પૃ. ૬૯-૭૦

[64]એજન, પૃ. ૬૯ અને અજાત અનુભવની સૈધ્ધાંતિક સમાલોચના-પાદટીપ ૧૨૯

શબીસ્તરી અંતમાં કહે છે કે: "જગતમાં જે કંઇ દેખાય છે તે પેલા આધ્યાત્મિક જગતના સૂર્યનું જ પ્રતિબિંબ છે અને એ જગતને માટે વાળની લટ, ઝુલ્ફાં અને આંખની ભ્રમર અને ગાલ એવી શૃંગારની પરિભાષા સૂફીવાદમાં વપરાઇ છે.[૬૫]

બ્રાહ્મી દૃષ્ટિના અનુભવો મર્યાદિત વાણી દ્વારા કેવીરીતે રજૂ થઇ શકે? તેમ છતાં આત્માનુભવીઓ જ્યારે આત્માનુભવને રજૂ કરે છે તેમાં પણ વિવિધ પ્રકારે તેનું અર્થઘટન કરે છે.

મહમુદ શબીસ્તરી કહે છે કે સૂફીવાદ રજૂ કરવા માટે પ્રયોજાતા શૃંગારિક પરિભાષાના શબ્દો દ્વારા પૂર્ણસ્વરૂપે યથાર્થ ભાવ રજૂ થઇ શકે તે તો શક્ય જ નથી. સૂફીવાદમાં પ્રયોજાતા શબ્દનો અર્થ તેના મૂળ સ્વરૂપમાં સમજવા માટેના અધિકારીનું લક્ષણ દર્શાવતાં તે કહે છે કે આ પરિભાષાનો ઉપયોગ કરનાર અધિકારી આત્માનુભવી હોવો જોઇએ એ રહસ્ય માર્ગના આત્માનુભવીની ત્રણ દશાનો ઉલ્લેખ કરે છે.[૬૬]

૧. આત્માનો પરમાત્મામાં લય કરનારની સ્થિતિ
૨. આત્માનુભવની મસ્તીની દશા
૩. પરમાત્મપ્રેમજ્વરની દશા

જે કોઇ આ ત્રણે દશાનો અનુભવ કરે છે તે જ શૃંગારિક શબ્દોને અધ્યાત્મિક અર્થમાં પ્રયોજવાની રીત જાણી શકે છે. પરંતુ તે સ્પષ્ટ કહે છે કે "ઇશ્કના સાહિત્યનું આંધળું અનુકરણ ન કરતાં તમે જો આ દશાનો અનુભવ ન કર્યો હોય તો પહેલાં આત્માનુભવી બનજો. અજ્ઞાન દૂર કરજો. નહિ તો આ શબ્દોનો ઉપયોગ માત્ર (Taklid) અર્થવગરનો બની રહેશે."[૬૭]

...........

[૬૫] એજન, પૃ. ૭૧

[૬૬] એજન, પૃ. ૭૨

[૬૭] એજન.

આ રહસ્યમાર્ગની દશા એ કોઇ માત્ર ભ્રમ નથી. બધી વ્યકિતઓ રહસ્યમાર્ગની આ અનુભવ દશા સુધી પહોંચી શકતી નથી. આ દશાનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે એમણે દૃઢશ્રધ્ધાની અત્યંત આવશ્યકતા દર્શાવી છે.

પરમાત્મા સાથેની પોતાની એકતાની મસ્ત દશાનું વર્ણન મહમુદ આ પ્રમાણે કરે છે: પ્રિયતમા સાથેના રહસ્ય નૃત્ય આનંદમાં તે માથું અને પગ બન્ને ગુમાવે છે. અને શુધ્ધ મધનો એક જ જામ પીને સૂફીઓ - સાફી- સર્વ પ્રકારના ગુણો વડે વિશુધ્ધ થાય છે.[૬૮]

પંદરમાં પ્રશ્નના ઉત્તરમાં પ્રેમ અને એકતાના સાક્ષીરૂપ સૌંદર્યસાંકળ પ્રતીક પૂજાની મહમુદ શબીસ્તરી વાત કરે છે. અને પરમાત્મા ઉપર રાખેલી શ્રધ્ધાને કારણે પ્રતિમા પૂજાને સૌન્દર્ય પ્રતીકને તે એકતા પ્રાપ્તિ માટે વસ્તુત: એક ગણે છે. બધી વસ્તુઓ પરમાત્માના આવિષ્કારરૂપ હોય છે. ગમે તે એકને સૌન્દર્ય-પ્રતીક ગણવામાં કશો વાંધો નહીં એવો મત તે રજૂ કરે છે.[૬૯]

અંતમાં મહમુદ શબીસ્તરી ઉપદેશ આપતાં કહે છે:

આ જગતમાં બધા સંબંધો કલ્પના કથા જેવા છે, બંધનરૂપ છે. ભ્રમ છે.[૭૦]

પોતાની એકતાની દશા નું વર્ણન કરતાં તે કહે છે કે કોઇકવાર તેની આંખની માફક આનંદમાં, તો કોઇક વાર તેના વાળની લટની માફક રાખ પર સૂતેલો તો કોઇક વાર ગુલાબના ગુલ્શનમાં હું સૂતેલો મને જોઉં છું. એની સાથેની એકતાની આ મસ્ત દશા છે. અને એટલે જ એ મસ્તદશાના આ અનુભવ મૌકિતકો છે. આ ગ્રન્થની ઊર્મિઓને 'Mystic rose garden' એવું નામ આપતા મહમુદ શબીસ્તરી પરમાત્મકૃપા વાંછીને વિરમે છે.[૭૧]

...........

[૬૮] એજન, પૃ. ૮૨

[૬૯] એજન, પૃ. ૮૩

[૭૦] એજન, પૃ. ૯૦ [૭૧] એજન, પૃ. ૯૩, ૯૪

મહમુદ શબીસ્તરીના 'ગુલ્શને રાઝ' જેવો સૂફીવાદનો બીજો મહત્ત્વનો ગ્રન્થ જલાઉદ્દીન રુમી સાહેબનો 'મસ્નવી' છે. સૂફીવાદના સિધ્ધાન્તોની એમાં કરેલી ચર્ચા વીગતે જોઇએ.

આ ગ્રન્થમાં લેખકે રજૂ કરેલી જુદી જુદી વાર્તાઓ, લેખક કહે છે તે પ્રમાણે પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે મથનાર, જગતનો ત્યાગ કરનાર અને આધ્યાત્મિક ચિંતન અને આત્માનો પરમાત્મામાં લય કરી તે દ્વારા પરમાત્માની સાથે એકતા અનુભવનાર સૂફીઓના વર્ગ માટે લખાઇ છે.[૭૨]

સૂફીવાદમાં સંત રાબિયા અને ત્રણ પુરુષો વચ્ચેના સંવાદ દ્વારા પ્રેમ અને શ્રધ્ધાનું મહત્ત્વ દર્શાવી તે બંનેને એક બીજાના પૂરક તરીકે રુમી સાહેબ ગણાવે છે.[૭૩]

બગદાદના સૂફી સંત જુનાયદે ધર્મવૃત્તિવાળા સાધુપુરુષોના હૃદયને ત્રણ પ્રકારના વળગણો આગળ વધતા અટકાવે છે એમ સ્પષ્ટ કહેલું છે. ૧.દેહભાન -પોતાના કાર્યનો અહમ ભાવ રાખી કરવામાં આવતું મૂલ્યાંકન ૨. તેના ફળની અપેક્ષા ૩. પરમાત્મ કૃપાની પ્રથમથી જ : એમ ને એમ: રાખવામાં આવતી અપેક્ષા.[૭૪] સંત જુનાયદ પરમાત્માના સાચા આશકનું લક્ષણ જ દર્શાવતાં કહે છે કે સાચો આશક એ છે કે જે પરમાત્માનાં જ સર્વ નિયંત્રણ હેઠળ બધી વસ્તુઓને જુએ છે. ખૂબ ઊંચે પરમાત્મામાંથી બધી વસ્તુઓ આવે છે અને તેના જ આધારે રહે છે. તથા તે પરમાત્મામાં જ બધી વસ્તુઓને તે લય પામેલી જુએ છે. સંત હુસેન બીન મનસૂરે -અલ્ હલ્લાજ સંત જુનાયદના શિષ્ય- પોતાને માટે કહેતાં કે હું પરમ સત્ (અનલહક્ક) છું. હું તે જ છું કે જેને હું ચાહું છું.

............

[૭૨] 'Mansnavi I Ma'navi'-The spiritual couplets of Maulana Jala'lu-'d-Din Muhammad Rumi, translated by E.H.Whinfield - Introduction, P.14

[૭૩] એજન, પ્રસ્તાવના, પૃ. ૧૫

જાણે કે એક જ દેહમાં બે આત્મા છે. જ્યારે તે મને જુએ છે ત્યારે પણ તે પોતાને જુએ છે ત્યારે પણ તે મને જ જુએ છે. પરમાત્માનો માર્ગ દર્શાવતાં મનસૂર કહે છે કે પરમાત્માનો માર્ગ એટલે માત્ર બે પગલાં. પહેલું પગલું આ જગતની બહાર અને બીજું પગલું આધ્યાત્મિક જગતમાં અને પરમાત્માની સાથે જ તમે જોશો.[૭૫]

## હું પણાનો સંપૂર્ણ લય - હૃદયશુધ્ધિ - પ્રેમની અનન્યતા- વિશિષ્ટ લક્ષણો પ્રેમધર્મ - સૂફીવાદ.

રૂમી સાહેબ કહે છે કે: પ્રેમના મૂળમાંથી શ્રધ્ધાનો જન્મ થવો જોઇએ. પ્રેમ-પરમાત્મા પ્રત્યેના પ્રેમનું અંતિમ પરિણામ પરમાત્મા સાથેની એકતા -'વસ્લ' છે. સૂફીઓની છેલ્લી મારિફત સ્થિતિના સિધ્ધાન્ત પ્રમાણે પરમાત્માનું એકલાનું જ સાચું અસ્તિત્વ છે. પરમાત્મા સિવાયની બધી વસ્તુઓ અવસ્તુઓ છે. અસત છે. સૂફીઓ વસ્તુઓને તેના અસલ સ્વરૂપમાં જ જુએ છે. એટલે કે તેના માત્ર દિવ્ય સ્વરૂપમાં જ જુએ છે. તેમને સ્પષ્ટ થાય છે કે પરમાત્મા તેમની તદ્દન નજીક જ છે. અને તેમના સ્વભાવના આ દિવ્ય તત્ત્વને પ્રેમ દ્વારા વિકસાવવા અને પૂર્ણતાની પ્રાપ્તિ કરવા માટેનું તેમનું લક્ષ્ય હોય છે. આધ્યાત્મિક ચિંતન અને તપશ્ચર્યા દ્વારા પોતાના અહમનું ભાન પોતાની ઇચ્છાઓ અને ઐહિક વાસનાઓ અને વળગણો જે તેમને પરમ સતથી અલગ રાખે છે તેનો ત્યાગ કરી અહંનો લય ફના ની સ્થિતિએ સૂફી પહોંચે છે. અને પરિણામે પરમાત્મામાં જ અભેદ અનુભવતા સૂફીનું જીવન હંમેશને માટે પરમાત્મામાં જ સ્થિત થાય છે. સૂફીઓની 'ફના' પછીની આ સ્થિતિને 'બકા' કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો પરમાત્મામાં જ કાયમને માટે નિવાસ કરતા પોતાનો સંપૂર્ણપણે લય કરીને તે પરમાત્મા સાથે અભેદની દશા પ્રાપ્ત કરે છે. પોતાનો સંપૂર્ણ લય કરવાની આવશ્યકતા પર સૂફીઓ ખૂબ ભાર મૂકે છે. અને તે હૃદયશુધ્ધિ અને પરમાત્મા પ્રત્યેના અનન્ય પ્રેમ દ્વારા જ શકય બને છે. કારણ કે ઐહિક પ્રેમને માટે અહીં કશો જ અવકાશ નથી રહેતો.[૭૬]

...........

[૭૫] એજન, પૃ. ૨૨

[૭૬] એજન, પૃ. ૨૭-૩૦

પરમાત્મા સાથેની એક નાના સ્વાનુભવની આધ્યાત્મિક સ્થિતિમાં મસ્તી, અને દિવ્યાનંદ ક્રમિક સ્થિતિઓ છે. સૂફીવાદના સિધ્ધાંતોને રુમી સાહેબે વાર્તાઓ દ્વારા રજૂ કર્યા છે. થોડાક દૃષ્ટાંતો જોઇએ.

પહેલી વાર્તાના ઉપોદઘાતમાં શમસુદ્દીન અને રુમી સાહેબ વચ્ચેના સંવાદમાં તે કહે છે કે સૂફી વર્તમાનકાળમાં વિહરે છે. વળી તે કહે છે કે પરમાત્માથી જુદાઇ કઇ રીતે વર્ણવી શકું. કારણ કે તે તો મારું અસ્તિત્વ જ પુરવાર કરે અને અસ્તિત્વ સ્વીકારવું એ તો ભૂલ જ છે.

પરમાત્મા વિના કશાનું અસ્તિત્વ નથી. બીજી વાર્તામાં રુમી સાહેબ સ્પષ્ટ કહે છે કે પરમાત્માના પ્રેમને માટે કુટુંબ સંપત્તિ અને જે કંઇ સારું છે એ બધું જ ફના કરનાર આત્મા જ સુખી થાય છે. છૂપાયેલો ખજાનો મેળવવા માટે પોતાનાં ઐહિક સુખોનો નાશ કરવો જોઇએ. આ બધા જ આત્માના – પોતાના પરમાત્મામાં લય કરવાના પ્રકારો જ છે. જે દ્વારા પરમાત્મામાં શાશ્વત જીવનની પ્રાપ્તિ થઇ શકે.[૭૮]

પરમકાર્ય અને કાર્યકારણ ભાવની ચર્ચા પણ સૂફીવાદમાં થઇ છે. અજાતવાદના સિધ્ધાન્તની માફક એમાં પણ વિભિન્ન દલીલોની રુમી સાહેબ ચર્ચા કરે છે. અને અંતમાં સ્પષ્ટ કહે છે કે પરમ કારણ પરમ બ્રહ્મ જ સત્ય છે.[૭૯]

સિંહ અને પ્રાણીઓની પાંચમી વાર્તામાં રુમીસાહેબ કહે છે કે પરમાત્મા સિવાય બીજી વસ્તુઓ ઉપર આધાર રાખવો એ પૂર્ણશ્રધ્ધા ધરાવનાર – સૂફીને માટે કલંકરૂપ છે. અને દિવ્ય પ્રકાશ વડે હૃદયમાં જ્યોત પ્રગટે છે.[૮૦]

છઠ્ઠી વાર્તામાં ઉમર ખય્યામના પરમાત્મા સાથેના રહસ્યમય ઐક્યની વાત રજૂ કરે છે. વેપારી અને તેના પોપટની છઠ્ઠી વાર્તામાં રુમી સાહેબ પ્રશ્ન પૂછે છે કે "હું" અને "આપણે" એવાં ભિન્ન સ્વરૂપો કયાં છે તેના જવાબમાં

...........

૭૭એજન, પૃ. ૧ ૭૮ એજન, પૃ. ૭-૮ ૭૯એજન, પૃ.૯ ૮૦ એજન, પૃ.૧૭

તે કહે છે કે આપણી પ્રિયા- પરમાત્મા પાસે છે. આ ભિન્ન રૂપો જ્યારે એક આત્મા બનશે ત્યારે તે પોતાને ભૂલી જશે. અને તેમનો લય એ પ્રિયતમામાં - પરમાત્મામાં થશે- પરમાત્મા સાથે ત્યારે જ એકતા અનુભવાશે.[૮૧]

આરબ અને તેની પત્નીની નવમી વાર્તામાં પયગંબરે કહેલું વાક્ય આરબ પોતાની પત્નીને કહે છે કે- ગરીબાઇ એ જ મારો વૈભવ છે. આજ વાર્તામાં રૂમી સાહેબ કહે છે કે વર્તમાન મસ્તીમાં સૂફીએ વિચાર દશામાં હોય ત્યારે ભૂતકાળના વિચારો તેના મનમાં પ્રવેશવા દેવા જોઇએ નહી. ભોગ, પરિત્યાગ એ જ બધી દવાઓનું મૂળ છે.[૮૨]

એ પછીની વાર્તામાં અલીને પયગંબર સલાહ આપે છે કે તેણે પીર અથવા આધ્યાત્મિક ગુરુનું માર્ગદર્શન મેળવવું જોઇએ. આમ, સૂફીવાદમાં ગુરુનું મહત્ત્વ પણ સ્વીકારાયું છે.[૮૩] સિંહ, વરુ અને શિયાળની અગિયારમી વાર્તામાં રૂમી સાહેબ આત્માનો પરમાત્મામાં લય કરવાની આવશ્યકતા પર ભાર મૂકતા કહે છે કે માનવી જ્યાં સુધી પોતાના જીવાત્માનો લય ન કરે ત્યાં સુધી તે પરમાત્માનો સાચો મિત્ર બની શકતો નથી. આ વાર્તાદ્વારા આ હકીકત સુંદર રીતે રજૂ કરવામાં આવી છે. શિકાર માટે વરુ અને શિયાળની સાથે મુસાફરી કરતો સિંહ કેટલાંક પ્રાણીઓને મારે છે. આ પ્રાણીઓની વહેંચણી કરવાનું કાર્ય સિંહ વરુને સોંપે છે. તે તેના ત્રણ ભાગ કરે છે. સિંહને આ વહેંચણી મંજૂર નથી. તે શિયાળને આ કાર્ય સોંપે છે. શિયાળ ચાતુરીપૂર્વક જવાબ આપે છે કે બધો હિસ્સો સિંહનો છે. સિંહ જવાબથી ખુશ થાય છે અને કહે છે કે તારા આત્મસમર્પણથી

...........

[૮૧] એજન, પૃ. ૨૫

[૮૨] એજન, પૃ. ૩૫

[૮૩] એજન, પૃ. ૪૫

ખુશ થયો છું એટલે હું આ બધો ભાર તને સુપ્રત કરું છું. આમ, પોતાનું સર્વસ્વ પરમાત્મામાં સમર્પણ કરવા માટેનું સુંદર દૃષ્ટાંત રુમી સાહેબે આપ્યું છે.[૮૪]

જોસેફ અને દર્પણની બારમી વાર્તામાં આ જ હકીકત રજૂ થઇ છે.[૮૫]

ચીનાઓ અને ગ્રીક કલાકારોની ચૌદમી વાર્તામાં તે કહે છે કે બુધ્ધિ કરતાં હૃદયનું જ્ઞાન સવિશેષ પસંદ કરવા યોગ્ય છે. કારણ કે હૃદયમાં તેનો વિચાર માત્ર જ તેની પરમાત્મા સાથે એકતા પ્રાપ્ત કરાવી આપે. આ જ કથામાં તે કહે છે કે આત્માના બધા ગુણોથી પોતાની જાતને વિશુધ્ધ કરો, ત્યારપછી જ તમે તમારું પોતાનું જ શુધ્ધ પરબ્રહ્મ સ્વરૂપને પામી શકશો.[૮૬]

પ્રેમની તીવ્રતાનું સ્વરૂપ સમજાવતાં મોસીસ અને ગોવાળની સાતમી વાર્તામાં (બીજો વિભાગ) તે કહે છે કે તમારા હૃદયમાં પ્રેમ જ્યોત પ્રગટતી રાખો, અને એ પ્રેમ દ્વારા તમારા હૃદયને હંમેશા જલતું રાખો, પ્રેમીઓએ તો પ્રતિક્ષણે વિરહાગ્નિથી જલવું જ જોઇએ.[૮૭]

જીવનવૃક્ષ નામની સત્તરમી વાર્તામાં રૂમી સાહેબ કહે છે કે હજારો આવિષ્કાર હોવા છતાં તે પરમાત્મા એક જ છે. શાશ્વત જીવન એ તેમાં ઓછામાં ઓછું આવિષ્કરણ છે.[૮૮]

ત્રીજા વિભાગની પ્રેમી અને તેની પત્ની નામક છઠ્ઠી વાર્તામાં તે કહે છે કે સાચા સૂફીએ માત્ર આત્મલક્ષી ધાર્મિક લાગણીઓ સુધી જઇ અટકવું ન જોઇએ. પરંતુ પરમાત્મા સાથે સંપૂર્ણ તાદાત્મ્ય અનુભવવાનો પ્રયત્ન કરવો જોઇએ.[૮૯]

...........

[૮૫] એજન, પૃ. ૪૯–૫૦

[૮૬] એજન, પૃ. ૫૧–૫૨

[૮૭] એજન, પૃ. ૮૩–૮૪, [૮૮] એજન, પૃ. ૧૦૭

~~[illegible]~~ મોસીસ અને ગોવાળની સાતમી વાર્તામાં (બીજો વિભાગ) તે કહે છે કે તમારા હૃદયમાં પ્રેમ જ્યોત પ્રગટતી રાખો, અને એ પ્રેમ દ્વારા તમારા હૃદયને હંમેશા જલતું રાખો. પ્રેમીઓએ તો પ્રતિક્ષણે વિરહાગ્નિથી જલવું જ જોઈએ.

દરવેશની નવમીવાર્તામાં બધી વસ્તુઓ પરમાત્માની ઇચ્છાને આધીન રહે છે, એ સિધ્ધાંત રજૂ થયો છે.[૯૦] બહલોલ અને દરવેશની અગિયારમી વાર્તામાં પરમાત્માની ઇચ્છા પ્રમાણે કરવાની ઇચ્છાનો મૂળ પાયો શ્રધ્ધા ઉપર અવલંબે છે, તે હકીકત સ્પષ્ટ કરતાં રૂમી સાહેબ કહે છે કે આવી વ્યકિત માટે જીવન કે મૃત્યુ બન્ને સરખા છે તે પરમાત્મા માટે જ જીવે છે સંપત્તિ માટે નહીં.[૯૧]

બુખારાના વકીલની સત્તરમી વાર્તામાં રૂમી સાહેબ કહે છે કે વ્યકિતના પોતાના જીવનના સંપૂર્ણ લય દ્વારા તે શાશ્વત જીવન પ્રાપ્ત કરી શકાય છે. પરમાત્મા જ્યારે તેના નમ્ર, પ્રેમ સમક્ષ ખડો થાય છે ત્યારે તે પ્રિયતમનો તેનામાં લય થાય છે તે જ સાચો પ્રેમી છે જેને પરમાત્મા કહે છે કે હું તારો છું અને તું મારો છે.[૯૨]

આ કથામાં જ એક આડ વાત છે, એક સુંદરીએ તેના પ્રેમીને કહ્યું કે તમારી મુસાફરી દરમિયાન અનેક શહેરો તમે જોયા છે એમાંથી કયા શહેરને જોઇને તને વધારે આનંદ થયો? તેણે આ પ્રમાણે જવાબ આપ્યો-

...........

[૯૦] એજન, પૃ. ૧૩૧

[૯૧] એજન, પૃ. ૧૩૫

[૯૨] એજન, પૃ. ૧૬૦

મારા પ્રેમની માશૂક જયાં રહે છે તે શહેર મારે માટે વધારે આનંદદાયક છે.[૯૩]

"મસ્નવી"માં તપસ્યા અને અહમ્‌નો લય- આત્મા સમર્પણ દ્વારા ધીમે ધીમે પરમાત્મા સાથેની એકતાનો માર્ગ દર્શાવવામાં આવ્યો છે.

ત્રીજા વિભાગની આ અઢારમી વાર્તાના અંતમાં એ કહે છે કે જયારે પરમાત્મા પ્રત્યક્ષ થાય છે ત્યારે તેને શોધનારનો નાશ થાય છે. તે બન્નેની એકતા એ જ શાશ્વત જીવન છે. સૌ પ્રથમ એ જીવન એટલે જ આત્મસમર્પણ છે. જીવાત્માનો લય છે.[૯૪]

મહંમદ અને અયાઝ ની પાંચમા વિભાગની આઠમી વાર્તામાં પરમાત્મા સાથેની તાદૃશ એકતાનું વર્ણન છે. એક પ્રિયતમ પોતાની પ્રિયતમાને કહે છે હું તમારામાં સંપૂર્ણરૂપે એકરૂપ બામી છું. માથાથી તે પગ સુધી હું તમારું જ સ્વરૂપ છું. માત્ર મારા પોતાના નામ સિવાય બીજી કોઇ રીતે મારું પોતાનું અસ્તિત્વ જ નથી. એટલે આ રીતે હું તમારામાં જ સમાઇ થઇ છું જેવીરીતે પથ્થર શુધ્ધ માણેક બની જાય.

રુમી સાહેબ "હું તે છું" એવા મનસૂરના ગહન સૂત્રને યાદ કરે છે અને કહે છે કે આ સૂત્ર અલ્લાહના નૂરની સાથેની એકતા જ વ્યકત કરે છે.[૯૫]

...........

[૯૩] એજન

[૯૪] એજન પૃ. ૧૬૫

[૯૫] એજન પૃ. ૨૪૫

આ અંતિમ વાર્તાના અંતમાં રૂમી સાહેબ આધ્યાત્મિક પ્રિયતમાની સાથેની એકતાના અનુભવ વિષે મોન સેવતા એ અનુભવ અનિર્વચ્ય હોઇ અનુભવીઓનું હૃદય જ તેને બરાબર અનુભવી શકેશે એમ કહી વિરમે છે.

## સંત રાબિયાના સિધ્ધાંતો

તપસ્યા અને પ્રેમ તેના સિધ્ધાંતના બે મધ્યવર્તી કેન્દ્રો છે. પરમાત્મા સાથેની એકતાને ને જીવનના અંતિમ ધ્યેય તરીકે સ્વીકારે છે. અંતિમ ધ્યેયની પ્રાપ્તિ થતાં પરમાત્માના સૌંદર્યનું દર્શન થતાં તે તેની સાથે એકતા પ્રાપ્ત કરે છે.

ધ્યેયપ્રાપ્તિ માટે જીવાત્માના પોતાના પુરુષાર્થ ઉપરાંત પરમાત્મ કૃપાની અત્યંત આવશ્યકતાનો તે સ્વીકાર કરે છે. સૂફી બાનુ રાબિયાએ દર્શાવેલા પરમાત્મા પ્રાપ્તિ માર્ગના મુખ્ય તબકકાઓ નીચે પ્રમાણે છે.

૧. Repentence (Tawba) તૌબા- પશ્ચાત્તાપ

આધ્યાત્મિક પ્રગતિ માટે સૌ પ્રથમ પશ્ચાતાપ અત્યંત આવશ્યક પગથિયું છે. પાપ જીવાત્માનું સૌથી મોટું કલંક છે. વિશુધ્ધ વ્યકિત જ સર્વ પ્રકારે વિશુધ્ધ પરમાત્મા પાસે જઇ શકે. પરંતુ આ બધી બાબતો માટે એક માત્ર પરમાત્મકૃપા ઉપર જ રાબિયા સંપૂર્ણ આધાર રાખવાનો અનુરોધ કરે છે.

૨. Patience (Subr- ધૈર્ય:

પરમાત્મા જે કંઇ દુઃ તમારા ઉપર નાંખે તેને ધૈર્યથી આનન્દથી, કોઇપણ જાતની શંકા વગર સહન કરવા જોઇએ. પશ્ચાતાપ વિના સહનશીલતા આવતી નથી.

3. Gratitude (Shukr-કૃતજ્ઞતા:

આભાર ધૈર્યશીલતાનું પૂરક અંગ હોઇ પરમાત્મા જે કંઇ દુઃખ કે સુખ વરસાવે તેનો કૃતજ્ઞતા સાથે જીવાત્માએ સ્વીકાર કરવો જોઇએ.

૪. Hope રજાઅ Raja અને Fear (Khawf) આશા અને ભય.

પરમાત્મા સાથેની એકતા પ્રાપ્ત કરવા માટે અમર આશા હોવી જોઇએ એટલું જ નહીં પરંતુ તેમની સાથેની ભિન્નતાનો પ્રતિક્ષણે ભય રાખવો જોઇએ. આશા અને ભય રૂપી આત્માની આ બે બેડીઓ જીવાત્માને સાચા રાહથી ચલિત થતો અટકાવે છે. Poverty (Far) ગરીબાઇ પરમાત્મા પ્રાપ્તિ અંગેની એક જ ઇચ્છા સિવાય બીજી બધી દુન્યવી ઇચ્છાઓનો સદંતર અભાવ એ જ ગરીબાઇ એમ રાબિયા માને છે.

૫. Asceticism તપશ્ચર્યા:

જગતમાં સંપૂર્ણ ત્યાગ કરવો એને રાબિયા તપશ્ચર્યાનું આવશ્યક લક્ષણ ગણાવે છે.

૬. Dependence upon God પરમાત્મા પ્રત્યે દૃઢ શ્રધ્ધા:

આને પણ રાબિયા તપશ્ચર્યા પછીનું અને સમગ્ર જીવનમાં દૃઢપણે પાલન કરવાનું પરમાત્મ પ્રાપ્તિના માર્ગનું આવશ્યક લક્ષણ ગણાવે છે.

૭. Love ઇશ્ક:

કોઇપણ પ્રકારની અપેક્ષારહિત વિશુધ્ધ અને અનન્ય પરમાત્મ પ્રેમને રાબિયા પરમાત્મા સાથેની એકતા પ્રાપ્ત કરાવી આપનાર અત્યંત આવશ્યક તત્વ ગણાવે છે.

## ધૂલ_નુન_અલ_મિસરિના_સિધ્ધાન્તો

સૂફીનું લક્ષણ.

સૂફી જે કંઇ કહે છે તે પોતાના અનુભવ દ્વારા જ રજૂ કરે છે. અનુભવ વગરની કોઇપણ વાત તે બહાર રજૂ કરતો નથી, અને એટલે જ અનુભવની સચ્ચાઇનો રણકો એના પ્રત્યેક કથનમાં સ્પષ્ટ પ્રતીત થાય છે. સચ્ચાઇની તપશ્ચર્યા સૂફીના વિશિષ્ટ લક્ષણો છે એમ તે માને છે.

પરમાત્મા સાથેની સંપૂર્ણ એકતા (Tawhid) ના અનુભવ માટે ઝૂલ નુનના શિષ્ય અબુ સૈદે - સૌ પ્રથમ પરમાત્મામાં આત્માના લયનો, ફનાનો સિધ્ધાન્ત રજુ કર્યો હતો. અને પરમાત્મા સાથેની આ રહસ્યપૂર્ણ એકતાને ફના બકા - આત્માનો લય દ્વારા પરમાત્મામાં સ્થિત એમ કહે છે.

## <u>તેમણે દર્શાવેલો માર્ગ</u>

પરમાત્મા સાથેની સંપૂર્ણ એકતા માટે ઝૂલ - નુન- ૧. અદ્વૈત અનુભવ ૨. Ecstacy આનંદ સમાધિ - મસ્તીને અત્યંત આવશ્યક સાધનો ગણાવે છે.

અદ્વૈત અનુભવ અને આનંદ સમાધિની આ બન્ને સ્થિતિએ પહોંચવા માટે આસુરી વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ, તપશ્ચર્યા, પશ્ચાતાપ, શ્રધ્ધા, પૂર્ણ સંતોષ અને પ્રાર્થના આદિ પ્રાથમિક તૈયારીઓ પણ જીવાત્મા માટે ઝૂલ નુન ગણાવે છે.

૧. આત્મ નિયમન - Self Control.

ઝૂલ નુનુ આત્માના બે પ્રકાર દર્શાવે છે. ૧. ઉચ્ચ આધ્યાત્મિક આત્મા Higher Spiritual Self (Ruh) ૨. Lower bidliy self નફસ (Nafs) નીચલી કક્ષાનો દૈહિક આત્મા નૈતિક જીવન જીવવા માટે નફસના સંપૂર્ણ ઉર્ધ્વીકરણ અને વિશુધ્ધિને તે અત્યંત આવશ્યક ગણાવે છે.

૨. પશ્ચાતાપ Repentence

પોતે કરેલા પાપકર્મોનો સૂફી પશ્ચાતાપ કરે છે. એટલું જ નહીં પરંતુ તે અજ્ઞાનથી અથવા બીજા કોઇ કારણે પોતાનાથી નહીં થયેલાં એવાં પવિત્ર કાર્યો અંગે પણ અનુશોચ કરે છે. આમ, તે બે રીતે પશ્ચાતાપ કરે છે. પરમાત્મા પોતાના અપવિત્ર કાર્યોની સજા કરશે તેવો ભય પણ તેને પશ્ચાતાપ કરાવે છે. તો બીજી તરફ પરમાત્માની દિવ્યતા અને મહાનતાની સરખામણીમાં પોતાની લઘુતા જોઇ પોતાની તરફ જન્મેલી એક પ્રકારની ધિક્કારની લાગણી પણ અનુશોચનું કારણ હોય છે.

૩. Faith શ્રધ્ધા:

જીવનમાં ગમે તેવા વિકટ પ્રસંગોમાં પણ પરમાત્મા હંમેશા પોતાનું ભલું જ કરતો હશે એવી પરમાત્મા માટેની દૃઢશ્રધ્ધા અને એટલે જ પરમાત્માના બધા હુકમોનું સખતપણે પાલન પણ સૂફી મૃાટે અત્યંત આવશ્યક છે.

૪. Satisfaction સંશયની નિવૃત્તિ- સંતોષ :

પોતાને માટે પરમાત્માએ જે કંઇ નિર્મિત કર્યું છે તેને કૃતજ્ઞતાપૂર્વક સહન કરવું જોઇએ અને તેમાં કોઇપણ પ્રકારનો સંશય રાખવો ન જોઇએ.

૫. Prayer પ્રાર્થના:

સતત પ્રાર્થનાની આવશ્યકતા પણ ધૂલ નુન સ્વીકારે છે.

૬. Insight આત્મજ્ઞાન Ghosis પ્રાહ્લી દૃષ્ટિ:

ધૂલ નુને દર્શાવેલા માર્ગમાં આત્મજ્ઞાનનો સિધ્ધાન્ત મુખ્ય છે. પરમાત્માનો અનુભવ કરવા માટે આધ્યાત્મિક દૃષ્ટિ આવશ્યક છે. આત્મજ્ઞાન - આત્માનુભવ સહજ સ્ફુરણ વસ્તુ છે અને પરમાત્મા સાથે એકતા અથનુભવવાનું એ એક માત્ર સાધન છે. માત્ર પરમાત્મકૃપા વડે જ પ્રાહ્લી દૃષ્ટિ પ્રાપ્ત થઇ શકે છે. સૂર્ય જે માત્ર સૂર્યના પ્રકાશ વડે જ જોઇ શકાય છે તેમ સાચું જ્ઞાન હૃદયમાં રહેલા પરમાત્માના દિવ્ય પ્રકાશ વડે જ અનુભવી શકાય છે. પરમાત્માના દિવ્ય પ્રકાશનો આપણા હૃદયમાં થયેલો આવિર્ભાવ એ જ આત્મજ્ઞાન છે.

આત્માનુભવી જગતમાં હોવા છતાં જગતનો હોતો નથી. જગત સાથે રહેતો હોવા છતાં તે તેનાથી અલિપ્ત જ હોય છે. તેને પરમાત્મા સિવાય બીજી કોઇ પણ વ્યક્તિ સાથે કોઇપણ પ્રકારનો સંબંધ હોતો નથી. તેમનું સમગ્ર જીવન એક માત્ર પરમાત્મા ઉપર જ સંપૂર્ણપણે અવલંબે છે.

ધૂલ નુન બૌધ્ધિક જ્ઞાન (Iim) અને પરમાત્માનું રહસ્યજ્ઞાન (Mystical Knowledge of God) મારિફત વચ્ચેનો તફાવત દર્શાવે છે. અને આત્મજ્ઞાન માટે પરમાત્મ પ્રેમનો મહબ્બત (Mahabbat) નો સિધ્ધાંત એક માત્ર સાધન તરીકે ગણાવે છે તે કહે છે – પરમાત્મજ્ઞાન એ પ્રત્યક્ષ અનુભવ છે અને પરમાત્મ સૌન્દર્યના ચિંતનમાંથી પ્રગટતી હૃદયની આનંદ પૂર્ણદશા છે. હૃદયની આ દશાનો અનુભવ માત્ર પરમાત્મ કૃપા વડે વિશુધ્ધ હૃદય જ કરી શકે છે. માનવીના હૃદયમાં દૈવીગુણ સ્થાન લે છે અને વ્યકિતનું વ્યકિતપણું અદૃશ્ય થતાં આત્માનો લય થતા પરમ આનંદની ઉચ્ચોચ્ચ દશા પ્રાપ્ત થાય છે. આ આનંદ સમાધિ પ્રાપ્ત થતાં જ્ઞાની અને જ્ઞાન, પ્રિયતમ અને પ્રિયતમાના દ્વૈતનો લય થતાં બન્ને એક થાય છે. સંત પુરૂષોને જ પરમાત્માનું જે અનુભવદર્શન હૃદયમાં થાય છે તે જ દિવ્ય એકતાનાલક્ષણ પરિપૂર્ણ અનુભવ જ્ઞાન પરમાત્માનું સાચું જ્ઞાન છે. પ્રેમ અને આનંદનું અંતિમ પરિણામ આ આત્માનુભવનું જ્ઞાન જ છે.

૭. Love પ્રેમ

આત્મજ્ઞાન અને પ્રેમ એ બંને વસ્તુતઃ એક જ છે. માત્ર ભાષા જ જુદી છે.

૮. Ecstacy આનંદ સમાધિઃ

પરમાત્મજ્ઞાન આનંદ દ્વારા જ પ્રાપ્ત થઇ શકે છે. પરમાત્મામાં જે સંપૂર્ણ પણે ખોવાઇ જાય તે જ પરમાત્માને વધારે સારીરીતે જાણી શકે છે. સૂફીને માટે તો પરમ આનંદ દ્વારા પરમાત્મા સાથેની એકતાએ જ માત્ર સત્કૃત્ય છે અને જગત પ્રત્યેના પ્રેમને કારણે તેમનો વિયોગ એ જ એક માત્ર પાપ છે. દુષ્કૃત્ય છે. બાહ્ય અને જડ ક્રિયાઓ અને નિયમોને બદલે ધૂલ નુને હૃદયની વિશુધ્ધિ ઉપર ખૂબ ભાર મૂકયો છે.

આનંદ સમાધિ માટે મસ્તીની દશા પ્રાપ્ત કરવા માટે બાહ્ય કૃત્રિમ પધ્ધતિઓનો જપ, ચિંતન ઉપરાંત નૃત્ય અને સંગીત જેવાં બાહ્ય સાધનોનો ઉપયોગ પણ તે સ્વીકારે છે. તે માને છે કે આ દશામાં જયારે તેનું સમગ્ર ચિત્તતંત્ર સંપૂર્ણપણે

પરમાત્માના નિયમન હેઠળ હોય છે ત્યારે સૂફી સંત ચમત્કાર પણ સહજરીતે કરી શકવાની શકિત ધરાવે છે.

<u>અબુયઝિદ - બયાઝિદ અલ બિસ્તામીના સિધ્ધાન્તો</u>

એમણે દર્શાવેલો માત્ર ફના (Fana) આત્મ સમર્પણના સિધ્ધાન્તના પહેલાં મહાન પ્રચારક હતા. માનવીનું ધ્યેય પોતાના ભિન્ન વ્યકિતત્વનો પરમાત્મામાં ઓગાળીને :પોતાના અહંનો- જીવપણાનો: સંપૂર્ણલય કરવાનો છે.

વસ્તુતઃ માનવી પરમાત્મા સાથે એકતા હોવા છતાં માત્ર અજ્ઞાન વડે કરીને જ પોતાને પરમાત્માથી ભિન્ન વ્યકિત તરીકે માને છે, પરંતુ આખું જગત જ વસ્તુતઃ પરમાત્માથી ભિન્ન નથી અને આત્મજ્ઞાનની દૃષ્ટિએ તો પરમાત્મા, જીવાત્મા અને પદાર્થ એ બધું એક જ છે. બયાઝિદની નીચેની ઉકિત ખૂબ પ્રચલિત છે. "હું જ પરમાત્મા છું" મારાથી ભિન્ન પરમાત્મા નથી એટલે મારી જ પૂજા કરો"

મારા આ દેહની અંદર પરમાત્મા વિના બીજા કોઇનું અસ્તિત્વ નથી. હું જ મધ છું. મધનો પીનાર છે અને મધના એ જામને આપનાર સાકી પણ હું જ છું. પ્રિયતમ, પ્રિયતમા અને પ્રેમ ત્રણે એક છે, એ મેં જોયું, કારણ કે પરમાત્માની એકતાથી આ જગતમાં તો બધું એ એક પરમાત્મામય જ છે. કેવળ અવ્દૈતનો એક માત્ર સિધ્ધાન્ત જેમાં બધા પ્રકારના વ્દૈતના અવ્દૈતમાં પૂર્ણ લયનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તે સિધ્ધાન્ત બયાઝિદની આ ઉકિતઓમાં સ્પષ્ટ દેખાય છે. ભિન્ન ભિન્ન વ્યકિતત્વના લય વ્દારા પરમાત્મામાં હયાતી - બકા (Baka) ને બદલે જીવાત્માના લયના - ફનાના સિધ્ધાંત ઉપર બયાઝિદ ખૂબ ભાર મૂકે છે.

<u>તેમણે દર્શાવેલા સાધનો</u>

આત્માના અહંકારી સ્વરૂપનો લય- ફના ઉપરાંત પશ્ચાતાપ, ગરીબાઇ, તપશ્ચર્યા, પૂર્ણ શ્રધ્ધા, આનંદ સમાધિ અને પ્રેમના ક્રમિક પગથિયાં પરમાત્મા પ્રાપ્તિના માર્ગનાં સાધનો તરીકે બયાઝિદ દર્શાવે છે.

૧. Self-Control આત્મસંયમ:

જીવાત્મા ઉપર સંપૂર્ણપણે કાબૂ પ્રાપ્ત થતાં વાસનાઓનો લય થતાં હૃદય દિવ્યજ્ઞાનની પ્રાપ્તિનું અધિકારી બને છે.

૨. ધૈર્ય:

સહનશીલતાને બયાઝિદ સંતના અગત્યનાં લક્ષણ તરીકે ગણાવે છે. પરમાત્માના નિયમો અને હુકમોનેવે વશ રહીને જે તેને સહન કરે છે તે જ સાચો સંત છે.

૩. Indifference સમતા:

દુન્યવી વિચારોમાં ન ગરકી જતાં બધાની સાથે સંપૂર્ણ સમતા રાખવી જોઇએ. તે માટે થોડોક કાળ જગતથી જરૂર હોય તો દૂરપણ રહેવું જોઇએ. જગત પ્રત્યે અને જગતના મોજશોખ પ્રત્યે સંપૂર્ણ તિરસ્કારની લાગણી હોવી જોઇએ. સૂફીને માટે માત્ર આધ્યાત્મિક જીવન એ જ સાચું જીવન છે. બયાઝિદ જનસમાજ દ્વારા અપાતા માન અને પ્રતિષ્ઠાથી પણ દૂર રહેવાની સૂફીને સૂચના કરે છે.

૪. પરમાત્મા પ્રત્યે અડગ શ્રધ્ધા Dependance on God.

બધી વસ્તુઓ માટે સૂફીએ સંપૂર્ણપણે પરમાત્મા ઉપર જ આધાર રાખવો જોઇએ. તે માને છે કે પરમાત્માની ઇચ્છા એ જ એની એક માત્ર ઇચ્છા હોય છે.

૫. Universal Charity વિશ્વબંધુત્વની ભાવના:

પરમાત્મા સર્વ પ્રાણીઓમાં વ્યાપક હોઇ સર્વ પ્રત્યે સમભાવ, પ્રેમ અને બંધુત્વની ભાવના એ સૂફીનું લક્ષણ હોવું જોઇએ એમ બયાઝિદ માને છે.

૬. Paradise:

વિશ્વપ્રેમની ભાવનાને તે પરમાત્મા પ્રેમમાંથી જ નિપજતી ગણાવે છે. સૂફીનાં ત્રણ લક્ષણો ગણાવતાં તે કહે છે કે સમુદ્ર જેવી ગંભીરતા, સૂર્ય જેવો સમભાવ અને પૃથ્વી જેવી સહનશીલતા સૂફીમાં હોવી જોઈએ.

૭. Ghosis- આત્મજ્ઞાન:

માનવજાતને મૂળભૂત આધાર અને ગતિ પરમાત્મા ઉપર નિર્ભર છે. એવું પ્રત્યક્ષ જ્ઞાન તે જ આત્મજ્ઞાન. એવી આત્મજ્ઞાનની એક વ્યાખ્યા સૂચવે છે કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ પછી પણ જ્ઞાની અને જ્ઞેય વચ્ચેની ભિન્નતાનું અસ્તિત્વ હોય છે. જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એમ ત્રણેની ભિન્નતા ઉપર જ તે આધાર રાખે છે. આત્મજ્ઞાન દિવ્યકૃપા વડે જ પામી શકાય છે.

૮. Love પ્રેમ:

પ્રેમની વ્યાખ્યા આપતાં બયાઝિદ કહે છે કે તમે જેટલું વધારે માં વધારે સમર્પણ કરી શકો અને તમારી પ્રિયતમા જેટલું બને તેટલું ઓછું- એમાં જ પ્રેમની ભાવના સમાયેલી છે. પરમાત્મ પ્રેમ આ પ્રકારનો છે. તમારી પાસેથી એ જેટલી બને તેટલી ભક્તિપ્રેમ માગે છે. પરમાત્માની સમીપ આવવાનો પ્રેમ એ એક જ સાધન છે. આત્મજ્ઞાનની માફક અહીં પણ પ્રેમ, પ્રેમાસ્પદ અને પ્રેમી ત્રણ વસ્તુતઃ એક હોવા છતાં ભિન્ન જ રહે છે. પ્રેમીને તો સ્વર્ગની પણ કશી જ કિંમત નથી હોતી. અને પ્રેમીને માટે પણ પરમાત્મા સાથેની એકતા માટે તો પ્રેમ જ પડદા રૂપ બને છે. જેને કારણે પરમાત્મા સાથેની પૂર્ણ એકતા - તૌહિદ Tauhid સાધી શકાતની નથી. પ્રેમીને માટે આમ છતાં પરમાત્મા જ એક માત્ર પ્રિયતમા હોવાને કારણે બીજી બધી વસ્તુઓ કરતાં તે પ્રેમ જ પરમાત્માની સૌથી વધારે નજીક લાવે છે. આત્મજ્ઞાનની માફક પ્રેમ પણ પરમાત્મ કૃપા વડે જ શક્ય બને છે. બયાઝિદ કહે છે કે પ્રેમ પણ મેં કલ્પના કરી છે કે હું તેને ચાહું છું, પણ વસ્તુસ્થિતિ જોતાં હું જોઈ શક્યો કે તેનો પરમાત્માનો પ્રેમ મારા કરતાં પણ અગત્યનો હતો.

૯. Ecstacy- આનંદ સમાધિ:

આત્મજ્ઞાન અને પ્રેમ બન્ને એક જ વસ્તુની બે બાજુઓ છે. પરમાત્માના દિવ્ય સ્વરૂપનું સહજ સ્ફુરણ આત્મજ્ઞાન વડે થાય છે તો બીજી તરફ પ્રેમ જ પરમાત્માનું સૌન્દર્ય દર્શન કરાવે છે. પરમાત્માનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર અનુભવ - આત્મજ્ઞાન અને પ્રેમ બન્ને દ્વારા થાય છે. ફેર માત્ર એટલે જ છે કે આત્મજ્ઞાન બૌધ્ધિક કક્ષા ઉપર રહસ્યાનુભવ ઉપર અવલંબે છે. જ્યારે પ્રેમમાં હૃદયની લાગણી જ મુખ્ય હોય છે, અને એટલે જ આ બન્ને કરતાં પણ આગળ જતી ઉચ્ચદશાને આનંદ સમાધિ કહે છે. આત્મજ્ઞાન કે પ્રેમથી ભિન્ન નથી, પરંતુ તેનું જ પૂર્ણ અને ઉચ્ચ સ્વરૂપ છે. હૃદય જ્યાં સુધી જ્ઞાતા પોતાને જાણનાર તરીકે અને પ્રેમી પોતાને પ્રેમ કરનાર તરીકે જાણે છે ત્યાં સુધી તેમુંનું હૃદય પૂર્ણપણે અદ્વૈતમય થયું નથી એમ કહેવું પડે. અને ત્યાં સુધી તેની અને પરમાત્મા વચ્ચેની પૂર્ણપણે સધાઇ નથી. પણ આનંદ સમાધિમાં જ્ઞાતા અને આશક, બન્નેનું, જાણનાર અને પ્રેમ કરનાર તરીકેનું ભિન્ન અસ્તિત્વ તેને પોતાને લાગતું નથી. કારણ કે તે પોતે તો પરમાત્મા માં જ પૂર્ણપણે ડૂબેલો હોય છે. અને પરિણામે તે તેની પ્રિયતમા સાથે પણ પૂર્ણ એકતા સાધે છે. આ દશામાં પ્રેમ પોતે અદૃશ્ય થઇ જાય છે એટલે દ્વૈત જેવું કશું જ રહેતું નથી. કારણ કે એ બેના જ એક થયા હોય છે.

એમ આત્મજ્ઞાન અને પ્રેમ પરમાત્મા સાથેની જીવાત્માની પૂર્ણ એકતાનો પ્રથમ તબક્કો જ છે અને આ દ્વારા ધીમે ધીમે દ્વૈત અદૃશ્ય થાય છે. અને દ્વૈત માત્ર પ્રિયતમ અને પ્રિયતમા એમ બે માં જ પરિણમે છે. અને એ દ્વૈતનો પણ સર્વ વ્યાપક આનંદ સમાધિમાં લય થતાં એક માત્ર એકતા જ શેષ રહે છે. પરિણામે જીવાત્મા પરમાત્મામાં પૂર્ણપણે લય પામે છે. :પરંતુ પ્રેમ માર્ગમાં એક વિકટ સમસ્યા છે: પ્રેમનીના સનાતન પ્રેમમાં થયેલો આ લય તેના પ્રેમમાં શાશ્વત અસ્તિત્વ કરતાં વધારે પૂર્ણદશા સૂચવે છે. કારણ કે પ્રેમમાં જ રહેલો આશક તો પરમાત્માથી ભિન્ન જ રહે છે:પરંતુ પ્રેમી, તેને પ્રિયતમાથી સહેજ પણ વિરહ ખમી શકાતો નથી, તેમની આ જ સમસ્યા છે:

પ્રેમીએ પોતાની પ્રિયતમા સાથે સાચું ઐકય સાધવું હોય તો પ્રેમની ભાવનાથી પણ આગળ ગતિ કરવી જોઇએ. કારણ કે પ્રેમ કે જે બન્નેને એક બીજાની ખૂબ નજીક લાવી મૂકે છે તે ખુદ પ્રેમનો જ લય કરવામાં આવે તો જ બન્ને વચ્ચે પૂર્ણ ઐકય પ્રાપ્ત થઇ શકે.

જ્ઞાનના પોતાના લય વડે જ જ્ઞાતા પરમાત્માને પૂર્ણપણે જાણી શકે- એકતા અનુભવી શકે તેમ પ્રેમના પોતાના લય દ્વારા જ પ્રેમી પોતાની પ્રિયતમા સાથે પૂર્ણ ઐકય પામી શકે.

આનંદ સમાધિની આ પૂર્ણદશા પ્રાપ્ત થતાં જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા તથા પ્રેમ, પ્રેમી અને પ્રિયતમા એ ત્રણેની પૂર્ણ એકતાનો આત્મજ્ઞાની અનુભવ કરે છે. એકતાનું આ જ્ઞાન અને એ માત્ર આત્મજ્ઞાન - મારિફતની સ્થિતિ :જેમાં પ્રેમી અને પ્રિયતમા તથા જ્ઞાતા અને જ્ઞેય એવું દ્વૈત રહે છે: તેના કરતાં વધારે ઉચ્ચ દશા છે. અને એટલે જ તેને મારિફત Ghosis ની દશાથી ભિન્ન - પરસત - હકીકતની ઉચ્ચોચ્ચ સ્થિતિ કહે છે.

હકીકતની આ પૂર્ણ એકતાની દશા કરતાં પણ વધારે ઉચ્ચ દશા ફના અલ્ ફનાની છે. જેમાં પરમાત્મા સાથેની એકતા મને પ્રાપ્ત થાય છે, એની સભાનતાનો પણ લય થાય છે, એટલે જ આત્માના લયનો પણ લય એમ આ દશા માટે કહેવાયું છે. સર્વ વ્યાપક એકતામાં જીવાત્માની એ આનંદ સમાધિનો પણ લય થયો હોય છે. મસ્તદશા Intoxication જેમાં પરમાત્મ પ્રેમનો નશો આશકને ચઢતાં તે પોતાના બધા ગુણોથી વિમુકત થાય છે અને માત્ર દૈવી ગુણો જ બાકી રહે છે. આ દશા સમજાવતી બયાઝિદની પેલી ઉકિત પ્રચલિત છે. I am God (There is no God except me. So worship me).

બાહ્ય ધાર્મિક ક્રિયાઓનો માત્ર પ્રણાલિકાઓ પૂરતો જ ઉપયોગ કરવામાં આવે તેની કોઇ આવશ્યકતા હું જોતો નથી. એમ બયાઝિદ કહે છે. આવી જડ ધાર્મિક ક્રિયાઓને બદલે આંતર વિશુધ્ધિ Purity of the Heart ની આવશ્યકતા સ્વીકારે છે તે બચહ્ પ્રવાસની નિરર્થકતા ગણાવતાં તે કહે છે કે માત્ર બે જ પગલામાં બધું જ પ્રાપ્ત થઇ શકે છે. એક પોતાના હિતનો ત્યાગ અને બીજું પરમાત્માના હુકમોનું સખત પાલન. બયાઝિદ ચમત્કારોની કિંમત કોડી જેટલી

જ સ્વીકારે છે.

આમ, બયાઝિદ આત્મસંયમ, ધૈર્ય, સમતા, માનભંગ, પરમાત્મશ્રધ્ધા, વિશ્વબંધુત્વની ભાવનાના ક્રમિક પગથિયાં દ્વારા આત્મજ્ઞાન અને પ્રેમ દ્વારા આત્મ સમાધિ દ્વારા પરમાત્મા સાથેની પૂર્ણ એકતાનો માર્ગ દર્શાવે છે.

<u>અલ હલ્લાજ મનસૂર</u>

મન્સૂર પરમાત્માને આધિ અને અંત વિનાનો, કાલ અને સ્થિતિની મર્યાદાથી પર શાશ્વત અનંત અપરિમિત ગણાવે છે. તે સર્જન અંગેનો પોતાનો સિધ્ધાન્ત રજૂ કરતા કહે છે કે પરમાત્મા પ્રેમ સ્વરૂપ છે, અને એમના એ સાર તત્વનો આવિષ્કાર વિશ્વમાં દેખાય છે. ત્રણ વિભિન્ન તબક્કાઓમાં પરમાત્માના વિશ્વમાં થયેલા આવિષ્કારને તે દર્શાવે છે. ૧. માત્ર શુધ્ધ તત્વ - પ્રેમના આ આવિષ્કારની સ્થિતિ નામરૂપથી પર ૨. પ્રેમના આવિષ્કાર દ્વારા પરમાત્માના નામરૂપનો આવિષ્કાર પરમાત્માના પ્રેમનો આ પ્રથમ આવિષ્કાર છે. ૩. પરમાત્માના પ્રેમના પ્રતિબિંબ રૂપે માનવીનું સર્જન પરમાત્માના પ્રેમ દ્વારા જગતનું આપોઆપ સર્જન થયું છે. એમ મન્સુર માને છે. પ્રેમ અથવા આનંદ પોતાનું જ વિશિષ્ટ તત્વ તેને બીજા કોઇની સાથે અનુભવવાની પરમાત્માની ઇચ્છા એ સર્જનનો હેતુ મનસૂર ગણાવે છે.

આમ, વિશ્વનું સર્જન પરમાત્માના શુધ્ધ તત્વ, પ્રેમ આનંદમાંથી થયું હોય તે પરમાત્માનું જ વસ્તુતઃ પ્રેમ સ્વરૂપ છે. માનવી સર્જનનો કર્તા છે. કારણ કે પોતાના જ પ્રતિબિંબમાંથી તેનું સર્જન થયું છે. અને આખું યે વિશ્વ તેના સર્જનની પરાકાષ્ટાએ માનવી પૂર્ણ માનવી બનતાં પહોંચે છે.

માનવી અને પરમાત્મા વચ્ચેની એકતા તૌહીદ આ જીવનમાં જ શકય બને છે ને પરમાત્મા દેહમાં જેમ આત્મા પ્રવેશે તેમ માનવી આત્મામાં પ્રવેશે છે. બીજા શબ્દોમાં કહીએ તો પરમાત્મા પોતે જ પૂર્ણ માનવી દ્વારા અવતાર ધારણ કરે છે. આમ, માનવી અને દૈવી સ્વભાવના સંમિશ્રણ - ઇતિઝાઝ (Imtizaj) ઉપર આધાર રાખે છે. એમનો આ સિધ્ધાંત એમની ઉક્તિઓમાંથી પ્રાપ્ત થાય છે.

એમણે દર્શાવેલાં સાધનો

૧. Self control આત્મસંયમ

૨. Goatitude કૃતજ્ઞતા, દીનતા.

૩. સ્મરણ Concentration and prayer
ચિંતન :ધ્યાન: અને પ્રાર્થના

મનસૂર પ્રાર્થનાની પૂર્ણ આવશ્યકતા ઉપર ભાર મૂકતાં કહે છે કે પ્રાર્થનાના વિવિધ પ્રકારોમાં માત્ર ધાર્મિક ક્રિયા અંગેની પ્રાર્થના - નિત્ય પ્રાર્થના - ને બદલે મુક્ત પ્રાર્થના: Salat આશકે પરમાત્મા સાથેની પ્રેમભરી વાતચીત (Munajal)દ્વારા પ્રાર્થના કરવી જોઈએ. કહેવાય છે કે મનસૂર દરરોજ જુદી જુદી ચારસો વખત પ્રાર્થના કરતા. દુ:ખ અને આનંદ તમારા હૃદયની લાગણીઓ રજૂ કરે છે. પણ તમારા આત્માના ગુણો પૂર્ણપણે લય પામ્યા હોય તો સુખ અને દુ:ખ તમને સ્પર્શી શકતા નથી.

4. Dependence on God પરમાત્મા પરની દૃઢ શ્રધ્ધા.

હલ્લાજની એક સુંદર પ્રાર્થના છે, તે કહે છે કે:

O Goal of my desire. O my speech and my hints and my gestures. O all of my all. O, my hearing and my sight, O my whole and my particles.

અહીં પરમાત્માને ખાતાપીતા દૃશ્ય માનવી તરીકે મનસૂર રજૂ કરે છે. મનસૂરની જાણીતી ઉક્તિ અનલહક્ક I am the Creative truth or God એ સૂત્ર દ્વારા પરમાત્મા સાથેની તેમના દિવ્ય તત્વ સાથેની એકતા આ સૂત્ર દ્વારા રજૂ કરવા માટે તેમને ફાંસીની સજા થયેલી. તેમની આ ઉક્તિ મસ્તીની અસરનું પરિણામ હતું એમ તેનો બચાવ કરનારા કહે છે. તે તેમના વિધાનમાં ગંભીર નહોતા. તે પોતે પણ દિવ્ય તત્વ (Divine essence) ને બદલે (Divine attribute) દિવ્યગુણો સાથેની તેમની એકતાનો સ્વીકાર કરતા.

પરમાત્મા સાથેની એકતા પ્રાપ્ત કરવી એ માનવીનું અંતિમ જીવનધ્યેય છે એમ તે સ્વીકારે છે. આત્માની પરમાત્મા પ્રત્યેની આધ્યાત્મિક પ્રગતિ એ પરમાત્માની જ પોતાની તેના મૂળ અવ્યાકૃત શુધ્ધ સ્વરૂપને પહોંચવાની જ પ્રવૃત્તિ છે. જીવાત્માનું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ લય પામે અને તે દિવ્ય તત્વને પામે એ જ તેનું ધ્યેય છે. મનસૂર કહે છે કે સૂફીએ છે કે જે તત્વતઃ પરમાત્માથી અભિન્ન છે. તેનું તત્વ તે વસ્તુતઃ પરમાત્માનું જ તત્વ છે. આ જીવાત્માની પરમાત્મામાં લયની દશાનું વર્ણન મમસૂર આ રીતે કરે છે. પતંગિયું પ્રકાશ તરફ ઉડે છે અને પ્રેમની જવાળામાં તે જવાળાસ્વરૂપ બની જાય છે.[૯૬] આત્માનો લય દિવ્ય આત્મામાં કરવો એ જીવનનું ધ્યેય છે પરંતુ આ પતંગિયું પોતાનું ભિન્ન વ્યક્તિત્વ જાળવી રાખે છે. તે અગ્નિના ગુણો પ્રાપ્ત કરે છે. પણ અગ્નિનું તત્વ નહીં. પરમાત્મા સાથેની એકતા દ્વારા અહીં જીવાત્માના વ્યક્તિત્વનું ઉધ્વીકરણ એવો અર્થ કરાયો છે. એક જ દેહમાં બે આત્મા રહેલા છે. એ વિધાન પણ દર્શાવે છે કે પરમાત્માના તત્વથી માનવી ભિન્ન રહે છે. તેમ છતાં, પરમાત્માના દિવ્ય ગુણો વડે તે પરમાત્મા સાથે ઐક્ય પ્રાપ્ત કરે છે.

૫. Obidience to God — પરમાત્માના હુકમોનું સખત પાલન

૬. Ghosis — આત્મજ્ઞાન

...........

[૯૬] The butterflies into the light and by its extinction becomes the very flame itself

આત્મજ્ઞાનના પરમાત્માના પ્રત્યક્ષ અનુભવ માટે અત્યંત આવશ્યકતા સ્વીકારતા તે કહે છે કે આત્મજ્ઞાન પરમાત્માની દિવ્યકૃપા ઉપર અવલંબે છે. એ પરમાત્મા પોતાનું સ્વરૂપ જેને બતાવવા ચાહે તે જ પરમાત્માને જાણી શકે.[66]

૭. Ecstacy- આનંદ સમાધિ:

પ્રિયતમ અને પ્રિયતમાને એકબીજાની સાથે લાવનાર પરમ આનંદ છે. Fana આત્મલય, સર્વસ્વ સમર્પણની આ દશાથી ય જીવાત્માએ આગળ વધી એનાથી પણ ઉચ્ચ એવી ફના અલ ફના Annihilation of Annihilation ની દશા પ્રાપ્ત કરવી જોઇએ. આ દશામાં પ્રવેશતા જ જીવાત્મા પોતે પરમાત્મા સાથે એકતા અનુભવે છે. એવું આનંદ સમાધિ દરમિયાન તેને થતું ભાન પણ તે ગુમાવે છે. અને "મને એકતા પ્રાપ્ત થઇ" એવા જાગૃતિમાં એને થતા ભાનનો પણ લય થાય છે.

ફના અલ ફનાની આ સ્થિતિ મનસૂર સ્પષ્ટ રીતે સમજાવે છે.

<u>કલાબધી</u>

કલાબધીએ એમના Ta Arruf ટા અરુફ માં "સૂફીઓના સિધ્ધાન્તો" નામના ગ્રન્થમાં પોતાના સિધ્ધાન્તો દર્શાવ્યા છે.

શ્રધ્ધા- Faith

નૈતિક જીવનમાં શ્રધ્ધા સૌ પ્રથમ આવશ્યક છે. કાર્ય, વાણી અને હૃદયની બાહ્ય અને આંતરિક સ્વરૂપની એમ બે પ્રકારની શ્રધ્ધા હોવી જોઇએ. કાર્ય, વાણી અને હૃદય ત્રણેમાં શ્રધ્ધાનું ઐક્ય જળવાય ત્યારે જ તે પૂર્ણ શ્રધ્ધા બને છે. શ્રધ્ધાના ચાર લક્ષણો ગણાવાયા છે.

૧. પરમાત્મા સાથેની અમર્યાદ એકતા.

...........

[66] He only knows with God whom with ..... himself.

૨. પરમાત્માનું અમર્યાદિ સ્મરણ Exalted Status ની પ્રાપ્તિ અને અવરોધ વિનાની સતત આનંદ સમાધિ.

૩. તે કહે છે કે ધાર્મિક ક્રિયાઓ- યાત્રા, ઉપવાસ આદિ શકય હોય ત્યાં સુધી તેના પૂર્ણ સ્વરૂપમાં કરવી જોઇએ.

## સૂફીઓની આવશ્યક ફરજો:

૧. પરમાત્મામાં શ્રધ્ધા
૨. ધર્મગ્રન્થોને બદલે રહસ્યાનુભવના પ્રકાશ દ્વારા જ્ઞાન
૩. સારી મિત્રતા
૪. બીજાને આધ્યાત્મિક માર્ગ શિખવવાની આતુરતા
૫. વ્યકિતગત પસંદગીનો ત્યાગ
૬. ત્વરિત આનંદ સમાધિ
૭. મનના વિચારોનું સતત વિશ્લેષણ
૮. આજીવિકાનો ત્યાગ
૯. સંગ્રહનો ત્યાગ
૧૦. પરમાત્માની સૂચનાઓનો હેતુ તપાસવા માટે યાત્રા

## સૂફીઓની વિભિન્ન દશાઓ

૧. Repentence પશ્ચાતાપ: પશ્ચાતાપની પૂર્ણ સચ્ચાઇ ઉપર તે ખૂબ ભાર મુકે છે.

૨. ભોગ પરિત્યાગ: દુન્યવી પદાર્થો માટેની ઇચ્છા તથા તેની પ્રાપ્તિનો સંપૂર્ણ અભાવ તે સૂચવે છે. એકમાત્ર પરમાત્માની સાથે સંબંધ રાખી પોતાનું બધું યે બીજાઓને આપી દેવું, અને વાસનાઓનો સંપૂર્ણ ત્યાગ કરવો એમ કલાબધી માને છે.

૩. Patience ધૈર્ય: ધૈર્યતાથી પરમાત્માએ આપેલાં દુ:ખો સહન કરવા જોઇએ, અને પરમાત્મા તરફથી દિલસોજીની અપેક્ષા પણ ન રાખવી જોઇએ. એના કરતાં પણ વધારે ઉચ્ચ દશા પ્રાપ્ત થતાં પરમાત્માના હુકમોનું કડક પાલન કરી શાંતચિત્તે બધી મુશ્કેલીઓને ભેટવું જોઇએ.

૪. ગરીબાઇ. બધી દુન્યવી સંપત્તિનો ત્યાગ કરી આજીવિકાના સાધન માટે પણ કશું જ ન રાખતાં માત્ર પરમાત્મા ઉપર જ એને માટે શ્રધ્ધા રાખવી જોઇએ.

૫. Humility નમ્રતા. પરમાત્માનું હૃદયથી- નમ્રતાથી, દીનતાથી માનભંગ થઇને પૂજન કરવું જોઇએ.

૬. Fear ભય

૭. Pity

૮. Sincerity પરમાત્મા પ્રત્યે સાચો ભાવ

૯. Gratitude કૃતજ્ઞતા

૧૦. Trust દૃઢ વિશ્વાસ

૧૧. Satisfaction પૂર્ણ સંતોષ

૧૨. Certainty સંશય નિવૃત્તિ

૧૩. પરમાત્મા સ્મરણ

આ સ્મરણના ત્રણ પ્રકાર તે ગણાવે છે. ૧. હૃદયમાં સ્મરણ ૨. ગુણોનું સ્મરણ ૩. ચિંતન દ્વારા સ્મરણનું વિસ્મરણ

૧૪. Intimacy મિત્રાચારી

પોતાને માટે તિરસ્કાર અને પરમાત્મા પ્રત્યે પ્રેમ એ તેનું રક્ષણ છે.

૧૫. Nearness સામીપ્ય.

પોતાના સમર્પણ દ્વારા સામીપ્ય પ્રાપ્ત થઇ શકે છે.

૧૬. Ghosis આત્મજ્ઞાન

પરમાત્માને જેનાથી જાણી શકાય તે પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ દિવ્યકૃપા વડે પ્રાપ્ત થાય છે. પરમાત્માનું એ જ્ઞાન માત્ર પરમાત્મા વડે જ પ્રાપ્ત થઇ શકે છે. આત્મજ્ઞાનનો હેતુ પ્રાપ્ત થતાં જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતાની ભિન્નતા અદૃશ્ય થાય છે. જ્ઞાન, જ્ઞાનનો અનુભવ અને બુધ્ધિનો ભેદ દર્શાવતાં કલાબધી કહે છે કે બુધ્ધિની પ્રસ્થાપના જ્ઞાન પર, જ્ઞાનની આત્માનુભવ અને અનુભવની પ્રસ્થાપના પરમાત્માના દિવ્ય તત્વ ઉપર કરવામાં આવી છે. પરમાત્મા પોતે તેમનો અનુભવ કરાવે છે, અને એ અનુભવ દ્વારા

જ્ઞાન પ્રાપ્ત થતાં બુધ્ધિ તેને અનુસરીને કાર્ય કરે છે.

આત્મજ્ઞાનના બે પ્રકાર છે:

આત્માનુભવ અને ઉપદેશ.

૧. Union એકતા:

પરમાત્મા સિવાય બીજી બધી વ્યક્તિઓથી હૃદયમાં વિમુખતા એકતા એટલે પૂર્ણ અભિન્નતા નહીં એવો મત પણ તે સ્વીકારે છે.

૧૮. પ્રેમ.

પ્રેમમાં આત્માનો પરમાત્મામાં સંપૂર્ણ લય, જયાં સુધી પ્રેમ, પ્રેમી અને પ્રેમાસ્પદનું વિભિન્ન અસ્તિત્વ હોય ત્યાં સુધી શકય નથી, અને એટલે જ પ્રેમની સાથે આત્માનુભવ અને આનંદ સમાધિની આવશ્યકતા ફના અલ ફનાની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પડે છે.

Technical Status of Sufis સૂફીઓની કેટલીક દશાઓ.

૧. Detachment and separation

ત્યાગ અને વિમુખતા. જગતનો બાહ્ય ત્યાગ અને ત્યાગની સાથે હૃદયમાં નિરપેક્ષ વૃત્તિ રાખવી જોઇએ અને પરમાત્મા પ્રત્યેની ફરજ અદા કરવી જોઇએ. પોતાના બધા કાર્યો એકમાત્ર પરમાત્માને સમર્પણ કરીને બીજી બધી વસ્તુઓથી અલગ થઇ જવું જોઇએ અને એકમાત્ર પરમાત્મા તરફ લક્ષ્ય રાખવું જોઇએ.

૨. Ecstacy આનંદ સમાધિ . હૃદયની દૃષ્ટિ અને શ્રવણશક્તિને પરમ આનંદની દશા તે કહે છે.

3. Over mastery મસ્તદશા. Over mastering forces of fear, awe, reverence, shame etc.

૪. Intoxication મસ્તી

સુવર્ણ અને માટી. સુખ અને દુઃખમાં સમાનતાની સ્થિતિ.

૫. Absence and presence

પોતાની વાસનાઓ પ્રત્યે અભાન અને પરમાત્મા પ્રત્યે સભાન.

૬. Concentration and Separation

એક માત્ર પરમાત્માનું ચિંતન અને અલગતા :ઇચ્છાઓથી: ઇચ્છાઓ, પોતાના આનંદ, મોજશોખ અને પોતાના ખુદથી.

૭. Revelation and Veiling અનુભવ અને પડદા- વિઘ્નો દિવ્ય તત્વોનો તેના ગુણોનો અને તેની સ્થિતિનો ત્રણેનો અનુભવ.

૮. Passing away and persistence

ફનાની આ દશામાં બધી વાસનાઓનો લય થાય છે. એટલે જગતની કોઇપણ વસ્તુ પર કોઇપણ પ્રકારની લાગણી આત્મજ્ઞાનીને થતી નથી. એક માત્ર પરમાત્મામાં જ તે જીવે છે, પરમાત્મા તેના નિયમનમાં તેની પાંખમાં તેને લઇ લે છે અને સ્વ.ની ભાવનાથી પર રહીને તે પરમાત્માની આજ્ઞાઓનું પાલન કરી પરમાત્મા પ્રત્યેની પોતાની ફરજો અદા કરે છે.

.....